અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૭ ફેબ્રુઆરી ૨૦૨૪, બુધવાર
વિક્રમ સંવત ૨૦૮૦, પોષ વદ બારસ
વર્ષ : ૧૫
અંક : ૧૮૭
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮
ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭33 e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ચૂંટણી પંચ દ્વારા સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દ્વારા મતદારોના આંકડા શેર કરાયા

# દેશની મતદાર યાદીમાં ૧.૬૬ કરોડ નામ કાઢી, ૨.૬૮ કરોડ નામ ઉમેરાયા

## મતદારોની સંખ્યા વધીને ૯૭ કરોડ થઈ, આસામ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, મિઝોરમ અને તેલંગાણાની મતદાર યાદીમાં સુધારો કરવામાં આવ્યો નથી

। **(એજન્સી)** નવી દિલ્હી, તા.૬ ।

લોકસભા ચૂંટણી પહેલા ભારતીય ચૂંટણી પંચે મતદાર યાદીમાંથી ૧.૬૬ કરોડથી વધુ નામો કાઢીને સુધારેલી યાદીમાં ૨.૬૮ કરોડથી વધુ મતદારોને જોડવામાં આવ્યા છે. મતદારોની સંખ્યા વધીને ૯૭ કરોડ થઈ ગઈ છે.આસામ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, મિઝોરમ અને તેલંગાણાની મતદાર યાદીમાં સુધારો કરવામાં આવ્યો નથી. આ આંકડાઓ ચૂંટણી પંચ દ્વારા ૨ ફેબ્રુઆરીએ સુપ્રીમ કોર્ટમાં એક એફિડેવિટ દ્વારા શેર કરવામાં આવ્યા હતા, જે સેવ ધ કોન્સ્ટિટ્યુશન ટ્રસ્ટ દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી (પીઆએલ) પર સુનાવણી કરી રહી છે, જેમાં મતદાર યાદીમાં ડુપ્લિકેટ નામો શોધવા અને દૂર કરવાની માગ કરવામાં આવી હતી. બંધારણ બચાવો ટ્રસ્ટ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુપ્રીમ કોર્ટ સુનાવણી કરી હતી. આ અરજીમાં મતદાર યાદીમાંથી ડુપ્લીકેટ નામો કાઢી નાખવામાં આવે અને તેની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી માગ કરવામાં આવી હતી. પીઆઈએલની સુનાવણી કરતી સીજેઆઈ ડી.વાય ચંદ્રચુડની આગેવાની હેઠળની ખંડપીઠે ચૂંટણી પંચ પાસેથી વિગતો માગી હતી. ચૂંટણી પંચે એવા લોકોના આંકડા રજૂ કર્યા જેમના નામ મૃત્યુ અથવા નામના રિપીટ થવાને કારણે મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. આ મામલે આગામી સુનાવણી ૧૨મી ફેબ્રુઆરીએ કરવામાં આવશે. એડવોટેક અમિત શર્માએ સુપ્રીમ કોર્ટમાં ચૂંટણી પંચની એફિડેવિટ રજૂ કરતા કહ્યું કે, 'પહેલી જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં કુલ ૨,૬૮,૮૬,૧૦૯ નવા મતદારો ઉમેરવામાં આવ્યા છે, જ્યારે ૧,૬૬,૬૧,૪૧૩ નામ લોકોના મૃત્યુ, ડુપ્લિકેશન અથવા અન્ય જગ્યાએ સ્થળાંતર થવાને કારણે દૂર કરવામાં આવ્યા છે. હાલમાં દેશમાં ૯૬,૮૨,૫૪,૫૬૦ મતદારો નોંધાયેલા છે. તેમાંથી ૧.૮૩ લોકો ૧૮ થી ૧૯ વર્ષની વયજૂથના છે જેઓ પ્રથમ વખત મતદાન કરશે.'



### ન્યૂઝ બ્રિફ

### મપ્રના હરદામાં ફટાકડાની ફેક્ટરીમાં માંથી ૧૨નાં મોત

। **(એજન્સી)** ભોપાલ, તા.૬ ।

મધ્યપ્રદેશમાં ફટાકડાં ફેક્ટરીમાં વિસ્ફોટની ઘટના સામે આવી રહી છે. ફેક્ટરીમાં એક પછી એક વિસ્ફોટના અવાજ સંભળાઈ રહ્યા છે. જેના લીધે ઊંચી ઊંચી આગની જ્વાળાઓ ઊઠી રહી છે. આ ફેક્ટરીમાં કામ કરનારા અનેક લોકો તેમાં ફસાયા હોવાની આશંકા છે. કેટલાક અહેવાલોમાં ૧૨ લોકોના મોતનો દાવો કરવામાં આવી રહ્યો છે. જોકે અત્યાર સુધી મૃતકાંકની પુષ્ટી થઇ શકી નથી. માહિતી અનુસાર વીડિયોમાં જોઈ શકાય છે કે કેવી રીતે ભયાનક વિસ્ફોટ થઈ રહ્યા છે. જેના લીધે આસપાસના વિસ્તારોમાં ભૂકંપ જેવી સ્થિતિ સર્જાઈ હતી અને લોકો ડરના માર્યા આમ તેમ જીવ બચાવવા ભાગવા લાગ્યા હતા.

### યમનના વડાપ્રધાન માઈન અબ્દુલમલિક સઈદને બરતરફ કરાયા

। **(એજન્સી)** સાના, તા.૬ ।

યમનની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રપતિ કાઉન્સિલ એક અનપેક્ષિત પગલું ભરતાં વડાપ્રધાન માઈન અબ્દુલમલિક સઈદને બરતરફ કરી દીધા હતા. તે ૨૦૧૮થી યમનના વડાપ્રધાન હતા. આ નિર્ણય એવા સમયે લેવાયો છે જ્યારે અમેરિકાના નેતૃત્વ હેઠળનું સૈન્ય ગઠબંધન યમનમાં ઈરાન સમર્થિત હુથી બળવાખોરોને નિશાન બનાવી હવાઈ હુમલા કરી રહ્યું છે. આ દરમિયાન અહેવાલોમાં એવો દાવો કરાયો છે કે યમનની રાષ્ટ્રપતિ કાઉન્સિલે વિદેશમંત્રી અહેમદ અવદ બિન મુબારકને દેશના નવા વડાપ્રધાન જાહેર કર્યા છે. બિન મુબારક સાઉદી અરબના નજીકના મનાય છે.

### તપસ્વી છાવણીના પીઠાધીશ્વરની જાહેરાત

# જગતગુરુ પરમહંસ આચાર્ય રાયબરેલીથી સોનિયા ગાંધી સામે ચૂંટણી લડશે

## કોંગ્રેસ મુક્ત ભારત કરવા માટે સોનિયા ગાંધી સામે ચૂંટણી લડવાની તપસ્વી છાવણીના પીઠાધીશ્વરની જાહેરાત

। **(એજન્સી)** વારાણસી, તા.૬ ।

અયોધ્યા થી સુલતાનપુર થઈ વારાણસી જતી વખતે તપસ્વી છાવણીના પીઠાધીશ્વર જગતગુરુ પરમહંસ આચાર્ય એ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષા સોનિયા ગાંધી સામે રાયબરેલીથી ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, 'હું કોંગ્રેસ મુક્ત ભારત કરવા માટે તેમની સામે ચૂંટણી લડીશ. સમાજવાદી પાર્ટી પાગલ થઈ ગઈ છે. સપા નેતા સ્વામી પ્રસાદ મોર્ય દ્વારા સ્વામી રામભદ્રાચાર્ય વિરુદ્ધ કરેલી ટિપ્પણી અશોભનીય અને નિંદનીય છે.' મહંતે કહ્યું કે, 'અયોધ્યા વિવાદ ખતમ થઈ ગયો છે. હવે કાશી વિવાદ સમાપ્ત કરવા વારાણસી જઈ રહ્યો છું. જ્ઞાનવાપી-શ્રૃંગાર ગૌરીના બે અરજીકર્તા સીતા સાહુ અને મંજુ વ્યાસજી અયોધ્યામાં ભગવાન રામના દર્શન કરવા આવ્યા છે અને હું તેમની સાથે બાબા વિશ્વનાથને જળ ચઢાવવા વારાણસી જઈ રહ્યો છું. હું રાત્રે વિશ્રામ કર્યા બાદ આવતીકાલે પ્રયાગરાજ જવા રવાના થઈશ.' મીડિયા સમક્ષ વાતચીત દરમિયાન જ્ઞાનવાપી શ્રૃંગાર ગૌરીના અરજીકર્તા સીતા સાહુ અને મંજુ વ્યાસે હર્ષ વ્યક્ત કરતા કહ્યું કે, 'અમે બધા અયોધ્યામાં ભગવાન શ્રીરામ મંદિરમાં રામલલાના દર્શન કરી વારાણસી પરત ફરી રહ્યા છીએ.

### મૌલાના મુફ્તી સલમાન અઝહરીને જૂનાગઢની કોર્ટમાં રજૂ કરાયો

। **(એજન્સી)** જૂનાગઢ, તા.૬ ।

જૂનાગઢમાં એક કાર્યક્રમમાં કથિત રીતે ઉશ્કેરણીજનક ભાષણ આપનાર ઈસ્લામિક ઉપદેશક મૌલાના મુફ્તી સલમાન અઝહરીની સોમવારે મુંબઈના ઘાટકોપરમાંથી ધરપકડ કરવામાં આવી હતી. જૂનાગઢ પોલીસ અને ગુજરાતની એન્ટી ટેરરીસ્ટ સ્ક્વોડ (એટીએસ) દ્વારા ધરપકડ કરાયેલા મુફ્તી સલમાન અઝહરીને કડક સુરક્ષા વચ્ચે જૂનાગઢ લાવવામાં આવ્યો હતો. આજે મુફ્તી અઝહરીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.

### પીએમએમએલએ પંજાબના કસૂર જિલ્લામાં રેલીનું આયોજન કર્યું

# કાશ્મીરને પાક. માટે ન જીતી લઈએ ત્યાં સુધી શાંતિથી નહીં બેસીએ : પીએમએમએલ

## પીએમએમએલ પાર્ટી લશ્કર-એ-તોયબાનો રાજકીય મોરચો હોવાનો દાવો કરાઈ રહ્યો છે જેનો સંસ્થાપક આતંકી હાફિઝ સઈદ હોવાનો દાવો છે

। **(એજન્સી)** કરાંચી, તા.૬ ।

પાકિસ્તાનની નવી પાર્ટી મરકઝી મુસ્લિમ લીગ (પીએમએમએલ) એ પંજાબ પ્રાંતના કસૂર જિલ્લામાં એક રેલીનું આયોજન કર્યું હતું. આ દરમિયાન પાર્ટીના નેતાઓએ ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું હતું. રેલીમાં મંચ પરથી કાશ્મીરમાં જેહાદ કરવા શપથ લેવડાવાયા હતા. પીએમએમએલ પાર્ટી લશ્કર-એ-તોયબાનો રાજકીય મોરચો હોવાનો દાવો કરાઈ રહ્યો છે જેનો સંસ્થાપક આતંકી હાફિઝ સઈદ હોવાનો દાવો છે. એક રિપોર્ટ અનુસાર રેલી દરમિયાન મરકઝી લીગના લીડર્સે ભારતને ધ્યાનમાં રાખી ભાષણો આપ્યા હતા. પાકિસ્તાનની વિદેશ નીતિમાં ફેરફાર કરવા અંગે ભારપૂર્વક તેમણે કહ્યું કે પેલેસ્ટાઈન અને કાશ્મીરને વધુ મદદની જરૂર છે. જ્યાં સુધી અમે કાશ્મીરને પાકિસ્તાન માટે જીતી નહીં લઈએ ત્યાં સુધી શાંતિથી બેસવાના નથી. આ દરમિયાન તેઓએ જેહાદ કરવાની પ્રતિજ્ઞા પણ લેવડાવી હતી. મંચ પરથી ભારત અને કાશ્મીર અંગે જેહાદી નારેબાજી કરાવાઈ હતી. પાકિસ્તાનની સામાન્ય ચૂંટણીમાં મરકઝી મુસ્લિમ લીગ નામની આ પાર્ટી ઊતરી રહી છે.

## સુજનીપુર માર્ગની સાઇડમાંથી કપડાંમાં લપેટલ નવજાત બાળકી મળી આવી

। **(એજન્સી)** પાટણ, તા.૬ ।

પાટણના સુજનીપુર માર્ગ પર રોડની સાઈડમાંથી એક વહેલી સવારના અરસા દરમિયાન એક કપડામાં લપેટેલ નવજાત બાળકી મળી આવી હતી. બાળકી હોવાનું જણાતા જ સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બાળકીને સારવાર માટે ખસેડવામાં આવી હતી. ઘટનાને પગલે હવે પોલીસે પણ તપાસ શરુ કરી છે. પાટણના સુજનીપુર રોડની સાઈડમાંથી એક નવજાત બાળકી મળી આવી હતી. બાળકી એક કપડામાં લપેટેલી હાલતમાં હતી, પરંતુ તેના હલનચલ અને કીકીયારીઓને પગલે રાહદારીના ધ્યાન પર બાળકીનો અવાજ આવ્યો હતો. જેને લઈ આસપાસમાં જાણ થતા અન્ય લોકો સ્થળ પર પહોંચી આવ્યા હતા. ઉપરાંત નજીકમાં રહેતી મહિલાઓ પણ દોડી આવી હતી.

## અમદાવાદના ગુલબાઇ ટેકરા ઝુપડપટ્ટી વિસ્તારની કાયાપલટ થશે

। **(એજન્સી)** અમદાવાદ, તા.૬ ।

અમદાવાદમાં હોલિવુડના નામથી જાણીતા સ્લમ વિસ્તારની કાયાપલટ થવા જઈ રહી છે.આ વિસ્તારને ઝુપડપટ્ટીમાંથી બદલી દેવામાં આવશે અને તેનો વિકાસ કરવામાં આવશે. આ કામ માટે એક મોટી કંપનીને કરોડો રુપિયાનું ટેન્ડર પણ આપી દેવામાં આવ્યુ છે. અમદાવાદમાં હોલિવુડના નામથી જાણીતા સ્લમ વિસ્તારની કાયાપલટ થવા જઈ રહી છે.આ વિસ્તારને ઝુપડપટ્ટીમાંથી બદલી દેવામાં આવશે અને તેનો વિકાસ કરવામાં આવશે. આ કામ માટે એક મોટી કંપનીને કરોડો રુપિયાનું ટેન્ડર પણ આપી દેવામાં આવ્યુ છે. અમદાવાદમાં ગુલબાઈ ટેકરા નામના વિસ્તારને હોલિવુડના નામથી ઓળખવામાં આવે છે.ગુલબાઈ ટેકરા વિસ્તારમાં હજારોની સંખ્યામાં લોકો રહે છે. આ એક સ્લમ વિસ્તાર છે.

## આ વર્ષે પહેલું સૂર્યગ્રહણ ૮ એપ્રિલ ૨૦૨૪ના રોજ લાગી રહ્યું છે

। **(એજન્સી)** નવી દિલ્હી, તા.૬ ।

વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી સૂર્ય અને ચંદ્રગ્રહણ લાગવું એક ખગોળીય ઘટના છે, પરંતુ જ્યોતિષ શાસ્ત્રમાં આ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. દર વર્ષે ૪ ગ્રહણ લાગે છે. બે સૂર્યગ્રહણ અને બે ચંદ્રગ્રહણ. આ વર્ષે પહેલું સૂર્યગ્રહણ ૮ એપ્રિલ ૨૦૨૪ના રોજ લાગી રહ્યું છે. આ સૂર્યગ્રહણ મેક્સિકો, કેનેડા અને અમેરિકાના કેટલાક વિસ્તારમાં પૂર્ણ દેખાશે. જે લગભગ ૪ મિનિટ ૨૮ સેકેંડનું હશે. વૈજ્ઞાનિકની ગણનાના આધારે ભોપાલના નિવાસી જ્યોતિષ તેમજ વાસ્તુ સલાહકાર પંડિત હિતેન્દ્ર કુમાર શર્મા જણાવી રહ્યા છે ક્યારે લાગ્યું હતું સૌથી લાબું સૂર્યગ્રહણ અને હવે ક્યારે લાગશે. અમેરિકન સ્પેસ એજન્સી નાસા અનુસાર, અત્યાર સુધીનું સૌથી લાંબુ સૂર્યગ્રહણ ૧૫ જૂન, ૭૪૩ ઈસા પૂર્વે લાગ્યું હતું. એ સમયે સૂર્યગ્રહણનો સમયગાળો ૭ મિનિટ ૨૮ સેકન્ડનો હતો, જે આફ્રિકામાં કેન્યા અને સોમાલિયાના કિનારે હિંદ મહાસાગરમાં થયું હતું.

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPuccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
➪ લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
➪ લેબર જોતા હોય તો કોલ કરો
➪ કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !
CNN CHANNEL NINE NETWORK GUJARAT Gujarati Daily News Paper
CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ
LIVE cnngujarat.co.in
આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

## ન્યુઝ બોક્ષ

### લેકઝોનના ભાગીદારો જ બોટિંગના નિયમો જાણતા ન હતા

**। (એજન્સી) વડોદરા, તા.૬ ।**

શહેરમાં ગત તા.૧૮મીના રોજ હરણી લેકઝોનમાં બોટ પલટી જતા ૧૨ માસૂમ વિદ્યાર્થીઓ તથા બે શિક્ષિકા મળી કુલ ૧૪ લોકોના મોત થયા હતા. આ કેસમાં એક બાદ એક ખુલાસા થઈ રહ્યા છે. લેક ઝોનના ભાગીદારોની પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. લેક ઝોનના ભાગીદારોને જ બોટિંગના નિયમોની જાણ ન હતી. બોટિંગ માટે શું જરૂરી હોય છે તેની કોઈને પણ ખબર ન હતી. બોટિંગ માટે કયા પ્રકારનો સ્ટાફ રાખવો જોઈએ તેની પણ જાણકારી નહોતી. બોટિંગ જેવી જોખમી રાઈડ્સ માટે કેવા નિયમો હોવા જોઈએ તે જાણવાની પણ તસ્દી કોઈ ભાગીદારોએ લીધી ન હતી. નોંધનીય છે કે, બોટિંગ સહિતના તમામ સ્ટાફની ભરતી નિલેશ જૈનએ કરી હતી. આ અંગે મળતી માહિતી પ્રમાણે, હરણી લેક ઝોન ચલાવી રહેલા ભાગીદારોની પૂછપરછમાં અનેક મોટા ખુલાસા થઈ રહ્યા છે. પૂછપરછમાં સામે આવ્યુ છે કે, ભાગીદારોને બોટિંગ અંગેના નિયમોની ખબર જ ન હતી. બોટિંગ સહિતના તમામ સ્ટાફની ભરતી આરોપી નિલેશ જૈને કરી હતી. આ ભાગીદારોએ રુપિયા બચાવવા માટે લાયકાત વગરનો અને બિન અનુભવી સ્ટાફ લીધો હતો. ભાગીદારોને એટલી પણ ખબર ન હતી કે, બોટિંગ માટે શું જરૂરી હોય છે અને કયા પ્રકારનો સ્ટાફ તેમા લેવા જોઈએ. તપાસમાં એવું પણ બહાર આવ્યું હતુ કે, સંચાલકોએ જરૂરી લાઈસન્સ, વીમો કે રજિસ્ટ્રેશન સુદ્ધાં નથી કરાવ્યું. આ કેસમાં પોલીસે મુખ્ય સૂત્રધાર પરેશ શાહ સહિતના આરોપીઓની ધરપકડ કરી લીધી છે. હજી છ આરોપીઓ નાસતા ફરી રહ્યા છે. પોલીસે તેઓને આ લોકોને પકડવા માટે વિવિધ ટીમો પણ બનાવી છે. આ આરોપીઓ ન મળતા તેઓને ભાગેડૂ જાહેર કરવા માટેની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસમાં વત્સલ પરેશ શાહ, દિપેન શાહ, ધર્મલ શાર, ધર્મીન ભટાણી તેમજ નૂતન શાહ અને વૈશાખી શાહ વોન્ટેડ છે. પોલીસે છ આરોપીઓના કોર્ટમાંથી સીઆરપીસી ૭૦ મુજબના વોરંટ મેળવ્યા છે. પોલીસે અત્યાર સુધી કુલ છ આરોપીઓના મેજીસ્ટ્રેટ રૂબરૂ નિવેદનો લીધા છે. જેમાં બિનીત હિતેશભાઈ કોટીયા, ભીમસિંહ કુડીયારામ યાદવ, રશ્મિકાંત ચીમભાઈ પ્રજાપતિ તથા વેદપ્રકાશ રામપાત યાદવનો સમાવેશ થાય છે. આ તપાસમાં એસ.આઈ.ટી.ની તપાસમાં માસ્ટર માઈન્ડ તરીકે ગોપાલ શાહ અને પરેશ શાહના નામ ખુલ્યા હતા. પરેશ શાહના પેટ્રોલ પંપની ઓફિસમાં સર્ચ દરમિયાન લેક ઝોન અંગેનો ત્રી પક્ષીય કરાર મળી આવ્યો હતો. જે આધારે ટ્રી સ્ટાર એન્ટરપ્રાઈઝના સંચાલક અલ્પેશ હસમુખ ભટ્ટ (રહે, પી.એમ. આવાસ, મંગલ પાંડે રોડ, સમા) તેમજ ડોલ્ફીન એન્ટર પ્રાઈઝના સંચાલક નિલેશ કાંતિલાલ જૈન (રહે, સહયોગ ઓલિવિયા એપાર્ટમેન્ટ, ઈલોરાપાર્ક)ની ધરપકડ કરી હતી.

### માર્કેટિંગ યાર્ડ ખાતે સફેદ તલની ૧૦૫ મણ આવક થઈ

# બોટાદ માર્કેટિંગ યાર્ડ ખાતે કપાસની કુલ ૪૬,૭૪૦ મણ આવક નોંધાઈ

**। (એજન્સી) બોટાદ, તા.૬ ।**

માર્કેટિંગ યાર્ડ ખાતે સફેદ તલની આજે ૧૦૫ મણ આવક થઈ હતી, જેના ભાવ મણદીઠ સૌથી નીચા ભાવ ૨,૬૮૦ રૂપિયા નોંધાયા હતા, જયારે સાથી ઉંચા ભાવ ૩,૧૭૫ રૂપિયા ખેડૂતોને મળ્યા હતા. ગત છેલ્લા દિવસોમાં મણ ભાવ ૨,૮૮૫ રૂપિયા નોંધાયા હતા.

છેલ્લા બે દિવસમાં સરેરાશ ૨૫૦થી ૩૦૦ રૂપિયાનો ભાવ વધારો નોંધાયો હતો. બોટાદ માર્કેટિંગ યાર્ડ ખાતે કપાસની કુલ ૪૬,૭૪૦ મણ આવક નોંધાઈ હતી. કપાસનો પ્રતિ મણનો સૌથી નીચો ભાવ ૧,૧૦૦ રૂપિયા નોંધાયો હતો, જ્યારે સૌથી ઊંચો ભાવ ૧,૪૬૨ રૂપિયા નોંધાયો હતો. સમગ્ર સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડ કરતા બોટાદ યાર્ડમાં કપાસનો ભાવ સૌથી ઉંચો અને આવકના પ્રમાણમાં વધુ હોય છે. છેલ્લા ત્રણ દિવસ પૈકી આજે સરેરાશ કપાસની આવકમાં વધારો જોવા મળ્યો હતો. બોટાદ માર્કેટિંગ યાર્ડએ સૌરાષ્ટ્રની

સૌથી મોટું કપાસનું માર્કેટિંગ યાર્ડ ગણવામાં આવે છે. માર્કેટિંગ યાર્ડમાં ચણાની ૯૫ ક્વિન્ટલ આવક થઈ હતી.

એક મણના સૌથી નીચા ભાવ ૧૦૦૦ રૂપિયા સુધી રહ્યા હતા અને એક મણના સૌથી ઊંચા ભાવ ૧,૫૪૫ રૂપિયા સુધી રહ્યા હતા. છેલ્લા ઘણા દિવસોથી ચણાની ૫૦થી ૬૦ ક્વિન્ટલ આવક નોંધાતી હતી, જ્યારે આજરોજ ૯૫ ક્વિન્ટલ આવક નોંધાતા ચણાની એકંદરે આવકમાં તેજી જોવા મળી હતી. છેલ્લા દિવસે ચણાનો પ્રતિ મણદીઠ ભાવ ૧,૧૩૩ રૂપિયા નોંધાયો હતો, જ્યારે છેલ્લા બે દિવસમાં આજે ચણામાં પ્રતિમણ દીઠ ૪૧૨ રૂપિયાનો ભાવ વધારો નોંધાયો હતો. માર્કેટિંગ યાર્ડમાં સફેદ તલની ૨૧ ક્વિન્ટલની આવક થઈ હતી.

એક મણના નીચા ભાવ ૨,૬૮૦ રૂપિયા રહ્યા હતા અને ઉંચા ભાવ ૩,૧૭૫ રૂપિયા સુધી રહ્યા હતા. યાર્ડના છેલ્લા દિવસે રૂપિયા ૨,૮૮૫ ભાવ નોંધાયો હતો, જ્યારે આજરોજ ૩,૧૭૫ ભાવ નોંધાતા ૨૫૦થી ૩૦૦ રૂપિયાનો પ્રતિ મણ સફેદ તલના ભાવમાં વધારો નોંધાયો હતો. માર્કેટિંગ યાર્ડ ખાતે આજે ઘઉંની ૯૬ ક્વિન્ટલ આવક થઈ હતી તેના પ્રતિમણ દીઠ સૌથી નીચા ભાવ ૪૩૧ રૂપિયા રહ્યા હતા જયારે સૌથી ઉંચા ભાવ ૬૩૨ રૂપિયા રહ્યા હતા. આજે બાજરાની ૧૫૦ મણ આવક થઈ હતી, જેના પ્રતિ મણ ભાવ ૪૫૩ થી ૫૩૧ નોંધાયા હતા.

### રાજ્યના આરોગ્ય મંત્રીએ વિગતો જાહેર કરી

## બે વર્ષમાં અમદાવાદ શહેરના ૨૯૭ બાળકો ગંભીર બીમારીના શિકાર

### ૧૭૪ બાળકોને હૃદય, ૭૫ બાળકોને કિડની અને ૪૮ બાળકોને કેન્સરની સારવાર અપાઇ છે

**। (એજન્સી) ગાંધીનગર, તા.૬ ।**

છેલ્લા બે વર્ષમાં ૨૯૭ જેટલા બાળકો ગંભીર બીમારીના શિકાર બન્યા હોવાની ચોંકાવનારી વિગત સામે આવી છે. ગુજરાત વિધાનસભામાં પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં રાજ્યના આરોગ્ય મંત્રીએ વિગતો જાહેર કરી છે. જેમાં અમદાવાદની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોની આરોગ્યની તપાસ દરમિયાન કેટલાક બાળકો હૃદય, કિડની અને કેન્સર જેવી ગંભીર બીમારીથી પીડાતા હોવાની વિગત સામે આવી છે. ગાંધીનગર ગુજરાત વિધાનસભા પ્રશ્નોત્તરી કાળ દરમિયાન અમદાવાદ જિલ્લાના બાળકોમાં ગંભીર બીમારી સામે આવી છે. જેમાં ૨૯૭ બાળકોમાં હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગો સામે આવ્યા છે. છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લાના ૩ લાખ ૬ હજાર ૯૭ બાળકોની આરોગ્ય તપાસમાં વિગત ખુલી છે. જેમાં ૧૭૪ બાળકોને હૃદય, ૭૫ બાળકોને કિડની અને ૪૮ બાળકોને કેન્સરની સારવાર અપાઈ છે. વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલના પ્રશ્નમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલએ લેખિત જવાબ રજૂ કર્યો છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં કુલ ૩ લાખથી વધુ બાળકોની શાળા આરોગ્ય ચકાસણી કરવામાં આવી છે. ૨૯૭ બાળકોની શાળા આરોગ્ય તપાસમાં ગંભીર બીમારીથી બાળકો પીડાતા હોવાની વિગતો સામે આવી. જે અંતર્ગત હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા નીચે મુજબની વ્યસ્થા કરવામાં આવી છે. હૃદયની બીમારીવાળા બાળકોને યુ.એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ જ્યારે કીડનીની બિમારીવાળા બાળકોને ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ અને કેન્સરની બીમારીવાળા બાળકોને એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદમાં સારવાર આપવામાં આવી છે. મહત્વનું છે કે, રાજ્ય સરકારનાં આરોગ્ય વિભાગ દ્વારા દર વર્ષે જિલ્લા કક્ષાએ પ્રાથમિક શાળામાં આરોગ્ય તપાસ કેમ્પ હાથ ધરવામાં આવે છે. માત્ર ગંભીર બીમારીથી પિડાતા બાળકો જ નહિ કુપોષણથી પીડાતા બાળકોને પણ પોષણ યુક્ત આહાર આપવાની યોજના સરકાર દ્વારા ચલાવવામાં આવી રહી છે.

### સોલાર સિસ્ટમ કનેક્ટ કરવાની કામગીરીના પગલે

## અમદાવાદમાં ઘણા વિસ્તારોમાં ચાર દિવસ પાણીનો કાપ રહેશે

**। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।**

અમદાવાદમાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં સોલાર સિસ્ટમ કનેક્ટ કરવાની કામગીરીના પગલે વિવિધ વિસ્તારોમાં ચાર દિવસ પાણી પુરવઠાને અસર થશે. મળતી જાણકારી અનુસાર, શહેરના વિવિધ વિસ્તારોમાં ચાર જેટલા વોટર વર્કસમાંથી રોજનું ૧૫૦૦ **MLD** જેટલું શુદ્ધ પાણી નાગરિકોને પૂરું પાડવામાં આવે છે. આ વોટર વર્કસમાં સોલાર સિસ્ટમ મુકવામાં આવી છે. આ સિસ્ટમમાં ઈન્ટર કનેક્શન કરવા માટે થઈને વિવિધ દિવસો દરમિયાન વીજ પુરવઠો બંધ કરવામાં આવશે. જેના કારણે નાગરિકોને ઓછું પાણી મળી રહેશે. વિવિધ વિસ્તારોમાં કુલ ચાર દિવસ નાગરિકોને ઓછું પાણી મળશે. સાત જાન્યુઆરીએ થલતેજ ગોતા, ચાંદલોડિયા, બોપલ, ઘુમા, ઘાટલોડીયા, સરખેજ, જોધપુર, સેટેલાઈટ, પ્રહલાદ નગર, વેજલપુર, મકરબા, હાઈ-વે સહિતના વિસ્તારોમાં પાણી પુરવઠો ઓછો મળશે. તો ૮ જાન્યુઆરીએ સમગ્ર પૂર્વ વિસ્તારમાં અને પશ્ચિમ ઝોનમાં આવતા સાબરમતી, ચાંદખેડા, નવરંગપુરા, નારણપુરા, આશ્રમરોડ સહિતના વિસ્તારોમાં જ્યારે ૯ જાન્યુઆરીએ દક્ષિણ ઝોન વિસ્તારમાં આવતા લાંભા, ઈસનપુર, મણીનગર, વટવા સહિતના વિસ્તારમાં ઓછું પાણી આવશે. તો ૧૩ જાન્યુઆરીએ પૂર્વ વિસ્તારમાં નરોડા, સરદારનગર, એરપોર્ટ, ઠક્કરબાપાનગર, કૃષ્ણનગર, ઓઢવ, રામોલ, વસ્ત્રાલ, વાસણા, પાલડી નવરંગપુરા નારણપુરાના વિસ્તારોમાં પાણી ઓછું આવશે. અમદાવાદના કોતરપુર, જાસપુર અને રાસ્કા વોટર વર્કસને સોલાર ઉર્જાથી સંચાલિત કરાશે. વોટર વર્કસ ૫ થી ૬ કલાક બંધ રખાતા પાણી પુરવઠાને અસર થશે. ૭ ફેબ્રુઆરીએ ઉત્તર પશ્ચિમ અને દક્ષિણ પશ્ચિમ ઝોન, ૮ ફેબ્રુઆરીએ ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ ઝોનમાં પાણી પુરવઠાને અસર થશે. અમદાવાદમાં ડબલ ડેકર બસની શરૂઆત થઈ છે. આ સર્વિસને ત્રણ દાયકા બાદ શહેરમાં ફરી એકવાર શરૂ કરવામાં આવી છે. આજથી હવે અમદાવાદના રસ્તાઓ પર એએમટીએસની ડબલ ડેકર એસી ઈ-બસ દોડતી દેખાશે. તાજેતરમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ઝસ ભૂપેન્દ્ર પટેલે આ બસોનું લોકાર્પણ કર્યું હતુ. લંડનથી ૫ છઝ ડબલ ડેકર બસ અમદાવાદમાં લાવવામાં આવી હતી. આ ડબલ ડેકર એસી બસ વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી.

### ડીસા APMC કુલ ૯ જણસીઓથી છલોછલ થયું

**। (એજન્સી) બનાસકાંઠા, તા.૬ ।**

બનાસકાંઠા જિલ્લો કૃષિપ્રધાન જિલ્લો છે. અહીંના મોટાભાગના લોકો ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે. જિલ્લાના ખેડૂતો અલગ અલગ જણસીની ખેતી કરે છે અને સારા ભાવની આશાએ માર્કેટયાર્ડમાં તેનું વેચાણ કરે છે અને સારી આવક મેળવતા હોય છે. આજે ૫ ફેબ્રુઆરીના રોજ પાલનપુર માર્કેટ યાર્ડમાં એરંડા, રાયડો, ઘઉં, બાજરી, રાજગરો, વરીયાળી, જુવાર, ચણા, પાકની સહિત ૯ પાકની આવક થઈ હતી. આવક થઈ હતી. કુલ ૩૧૮૮ બોરીની આવક નોંધાઈ હતી. ચાલો, આ તમામ જણસીઓના ભાવ તેમજ આવક વિશે જાણીએ.

૫મી ફેબ્રુઆરીના રોજ ડીસા માર્કેટયાર્ડમાં એરંડાની ૭૮૧ બોરીની આવક નોંધાઈ હતી. જેમાં પ્રતિ ૨૦ કિલોનો નીચો ભાવ ૧૦૭૧ રૂપિયા અને ઊંચો ભાવ ૧૧૩૬ રૂપિયા બોલાયો હતો. ૫મી ફેબ્રુઆરીના રોજ ડીસા માર્કેટયાર્ડમાં ઘઉંની ૪૬ બોરીની આવક નોંધાઈ હતી.

## ભુજમાં ભારત રંગ મહોત્સવની ધમાકેદાર શરૂઆત કરવામાં આવી

### દેશના ૧૫ શહેરોમાં ૨૧ દિવસ આ થિયેટર ફેસ્ટિવલમાં ૧૫૦થી વધુ પ્રદર્શન વર્કશોપ નાટકો ભજવાશે

**। (એજન્સી) કચ્છ, તા.૬ ।**

તેની કળાઓથી વિશ્વ પ્રસિદ્ધ છે. કચ્છના લોકો કળાના ચાહકો છે, જેને કારણે દેશ-વિદેશના કલાકારો પોતાની વિવિધ પ્રસ્તુતિ લઈ અહીં આવે છે. તે રીતે નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાના વિવિધ ૫ દિવસીય નાટકોનો શુભારંભ જાણીતા અભિનેતા મનોજ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. તથા તેમણે પ્રથમ દિવસના નાટકોને માણ્યું હતું. **NSD** પ્રતિષ્ઠિત ઈન્ટરનેશનલ થિયેટર ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા ભારત રંગ મહોત્સવની શરૂઆત ૧ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ મુંબઈમાં નેશનલ સેન્ટર ફોર ધ પરફોર્મિંગ આર્ટસ ખાતે ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ સાથે થઈ હતી. ૪ ફેબ્રુઆરીથી ૮ ફેબ્રુઆરી સુધી ભુજના ટાઉનહોલ ખાતે વિવિધ ભાષાઓમાં નાટકો ભજવાશે જે કચ્છની નાટ્ય પ્રેમી જનતા માટે ખુશીના સમાચાર કહેવાય. નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાના ચેર પર્સન

પરેશ રાવલ છે. જાણીતા અભિનેતા અને **NSD**ના ભૂતપૂર્વ વિદ્યાર્થી પંકજ ત્રિપાઠી આ વર્ષે ફેસ્ટિવલમાં 'ફેસ્ટિવલ એમ્બેસેડર' છે. ભારત રંગ મહોત્સવમાં આ વર્ષનો ઉત્સવ વસુધૈવ કુટુંબકમ પર આધારિત છે. તથા કલા જગતના પ્રણેતા જાણીતા ફિલ્મી અભિનેતા પદ્મશ્રી મનોજ જોશી દ્વારા ભુજમાં નાટકોનો આરંભ થયો. વક્તવ્યમાં તેમણે કચ્છ, તેની વિવિધ કળા અને કલાકારોના, ભરતકામના ખૂબ વખાણ કર્યા હતા. દેશના ૧૫ શહેરોમાં ૨૧ દિવસ આ થિયેટર ફેસ્ટિવલમાં ૧૫૦થી વધુ પ્રદર્શન વર્કશોપ નાટકો ભજવાશે, જેમાં એક સેન્ટર ભુજને પણ પસંદ કરવામાં આવ્યું છે. કચ્છમાં અને ખાસ કરીને ભુજના ટાઉનહોલમાં વિવિધ કાર્યક્રમો યોજાતા હોય છે, જેમાં કચ્છ અને ગુજરાત સિવાય બહારના કલાકારો પણ વિવિધ કળાઓ ભજવે છે, જેમાં શહેરના કળાપ્રેમીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહે છે. અભિનેતા મનોજ જોશી જણાવ્યું હતું કે, ભાવના, વિચાર અને સ્વપ્ન આ ત્રણ વસ્તુ નાટક દ્વારા સિદ્ધ થાય છે. **NSD**ના નાટકો હવે ગુજરાતમાંથી પણ લેવામાં આવશે. નાટ્ય શિક્ષણથી ટીમ વર્કથી લઈને અનેક શિક્ષણો મળે છે. આ ઉપરાંત તેમણે શાળામાં પણ નાટ્ય પ્રશિક્ષણ શરૂ કરવાની વાતને ખૂબ વજન આપ્યું હતું. તથા દરેક પ્રદેશમાં નાટ્ય શાળા હોય તે જરૂરી છે કેમ કે, દેશમાં કળાઓની કલાકારોની ઓછપ નથી પણ તેને મઠારવાનું કાર્ય આવી કલાની સ્કૂલ કરે છે.

## વિશેષ

### મોકડ્રીલનું સફળ આયોજન : ગોંદરીયા તળાવ ખાતે ફસાયેલા સાત પશુપાલકોને સુરક્ષિત કરાયા

# છોટાઉદેપુર તાલુકાના ગોંદરિયા તળાવમાં ડૂબતા સાત પશુપાલકોને સુરક્ષિત બચાવી લેતા એનડીઆરએફની ટીમ

**। (માહિતી) છોટાઉદેપુર ।**

છોટાઉદેપુર જિલ્લા કલેક્ટરશ્રી અનિલ ધામેલીયાના માર્ગદર્શન હેઠળ ભારત સરકારના ગૃહ વિભાગ સંલગ્ન નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ વડોદરા તેમજ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્રના સંયુક્ત ઉપક્રમે છોટાઉદેપુર તાલુકાના ગોંદરિયા તળાવમાં ડૂબતા સાત પશુપાલકોને સુરક્ષિત બચાવી લેવાયા છે. ભારે વરસાદ થતા સ્થાનિક ડેમમાં પાણીની સપાટી વધવાના કારણે તળાવમાં અચાનક પાણી વધતા સાત પશુપાલકો પાણીના વહેણમાં ફસાયા હતા. સ્થાનિકો દ્વારા જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્રને જાણ કરાતા, ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમે છોટાઉદેપુર ફાયર બ્રિગેડ ટીમને જાણ કરી હતી. ફાયર બ્રિગેડની ટીમ શ્રી યુવરાજ ગોહિલના નેતૃત્વમાં એક્શન મોડમાં ઘટના સ્થળે પહોંચીને રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યુ હતું. ફાયર બ્રિગેડની ટીમે ૩ પશુપાલકોનું રેસ્ક્યુ ઓપરેશન કરી સુરક્ષીત બહાર કાઢયા હતા.પરિસ્થિતી વધુ ગંભીર બનતા તેઓએ **NDRF** મદદ માટે જાણ કરવા જણાવ્યું હતું.

કલેક્ટરશ્રી હસ્તકના ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમે બનાવની ગંભીરતાને ધ્યાને લેતા પશુપાલકોની શોધખોળ અને બચાવ કામગીરી માટે એન ડી આર એફની મદદ માંગી હતી. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (**NDRF**) વડોદરાની ટીમ તે કવાંટ ખાતે હાજર હતી.શ્રી સાગર કુલ્હરી નેતૃત્વમાં ટીમે ઘટના સ્થળે પહોંચી પાણીમાં ફસાયેલા સાત પશુપાલકોનું સુરક્ષિત રેસ્ક્યુ કરી પાણીમાંથી બહાર કાઢ્યા હતા.આ તમામ સાત પશુપાલકોને સ્થળ પર જ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ગોંદરીયા તળાવમાં પાણીનો પ્રવાહ વધવાથી ફસાયેલા સાત લોકોને રેસ્ક્યુ ટીમે નવજીવન આપ્યુ હતુ. આ સંપૂર્ણ રેસ્ક્યુ ઓપરેશન પૂર્ણ થતા નિવાસી અધિક કલેક્ટરશ્રી આ એક મોકડ્રીલ હતી તેમ જણાવ્યું હતું. મોકડ્રીલ બાદ નિવાસી અધિક કલેક્ટર શ્રી શૈલેષ ગોકલાણીના અધ્યક્ષપદે ડી-બ્રિફિંગ બેઠક યોજાઈ હતી. જેમાં મોકડ્રીલમાં સામેલ સર્વે વિભાગોની સક્રીય અને સુઝબુઝ ભરી કામગીરીને બિરદાવતા ભવિષ્યમાં બનતી ઘટના દરમિયાન ટીમ છોટા ઉદેપુર એક્શન મોડમાં કામગીરી કરીને લોકોનો બચાવ કરીને અકસ્માત કે દુર્ઘટના ટાળે તે અંગે શ્રી ગોકલાણીએ જણાવ્યું હતું. એનડીઆરએફની ટીમે સ્થાનિક લોકોને બચાવ માટેની પ્રાથમિક સુઝબુઝ અને ઉપલબ્ધ ચીજવસ્તુઓથી કેવી રીતે લોકોને બચાવી શકાય તે અંગે માહિતી આપી હતી.

આ મોકડ્રીલમાં છોટાઉદેપુરના પ્રાંત અધિકારીશ્રી, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, પોલીસ જવાન, ડિઝાસ્ટર મેનેજમનેટના ડીપીઓશ્રી, ૧૦૮ના કર્મચારીઓ સહિત અન્ય અધિકારીશ્રીઓ કર્મચારીશ્રીઓ હાજર રહી મોકડ્રીલને તરત જ રિસ્પોન્સ આપી સફળ બનાવી હતી.

## શરદી-ઉધરસ-દુઃખાવાની ત્રણ દવાઓના નવેસરથી ટ્રાયલનો આદેશ

। નવી દિલ્હી, તા.૬ ।

સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી શરદી, ઉધરસ અને દુઃખાવાની ત્રણ દવાઓ હવે તપાસના દાયરામાં સંપડાઈ છે. કેન્દ્રીય દવા નિયામકે આ દવાઓ બનાવતી કંપનીઓને તેની અસર તથા સુરક્ષા તપાસ માટે નવેસરથી ટ્રાયલ કરવા કહ્યું છે. આ એ દવાઓ છે જે અનેકવાર શરદી-ઉધરસ વખતે અપાય છે. આ ઉપરાંત ફિક્સ્ડ ડોઝ કોમ્બિનેશન (એપડીસીએસ)માં ઉપલબ્ધ એક પેઈનકિલર ડ્રગ પણ તપાસના ઘેરામાં છે. માહિતી અનુસાર આ દવાઓનું વેચાણ છેલ્લાં ૩૦ વર્ષ કરતાં પણ વધુ સમયથી થઈ રહ્યું હતું. એક સિંગલ ડૉઝ આપવા બે કે તેનાથી વધુ દવાઓને મિલાવીને આપવાને એફડીસીએસ (ફિક્સડ ડોઝ કોમ્બિનેશન) કહેવાય છે.

કેન્દ્રીય મંત્રી શ્રી અનુરાગ સિંહ ઠાકુર નવી દિલ્હીમાં ડિજિટલ ન્યુઝ પબ્લિશર્સ એસોસિએશન કોન્કલેવ અને એવોર્ડ્સ ૨૦૨૪માં હાજરી આપી હતી.

### પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાનને ૧૦ વર્ષની જેલ થઈ છે

# હાઈ કેટગરી પ્રોફાઈલ હોવા છતાં ઈમરાન ખાને જેલમાં કામ કરવું પડશે

### ૭૧ વર્ષીય ઈમરાન ખાન અને ૬૭ વર્ષીય કુરેશીને હાઈ પ્રોફાઈલ કેદીઓ તરીકે અલગ અલગ જગ્યાએ રાખશે

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૬ ।

એમ્બેસીના ગુપ્ત દસ્તાવેજો લીક કરવાના મામલામાં પાકિસ્તાનના પૂર્વ પીએમ ઈમરાનખાનને ૧૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. તેમને રાવલપિંડની અદિયાલા જેલમાં રાખવામાં આવ્યા છે. પાકિસ્તાની મીડિયાના કહેવા પ્રમાણે ઈમરાન ખાન તેમજ તેમની કેબિનેટના પૂર્વ વિદેશ મંત્રી શાહ મહેમૂદ કુરેશી હાઈ પ્રોફાઈલ કેદીઓની કેટેગરીમાં આવે છે. આમ છતા તેમને જેલમાં કામ કરવુ પડશે. પાકિસ્તાની અખબારના અહેવાલ અનુસાર ૭૧ વર્ષીય ઈમરાન ખાન અને ૬૭ વર્ષીય કુરેશીને હાઈ પ્રોફાઈલ કેદીઓ તરીકે અલગ અલગ જગ્યાએ રાખવામાં આવશે. તેઓ દોષી સાબિત થયા તે પહેલા જેલમાં બીજા કેદીઓ કરતા વધારે સુવિધાઓ આપવામાં આવતી હતી. જેમાં એક્સરસાઈઝ માટે ટ્રેડ મિલનો પણ સમાવેશ થતો હતો. દોષથી સાબિત થયા બાદ હવે ઈમરાન ખાન અને કુરૈશીને જેલની વર્દીની બે-બે જોડ પહેરવા માટે અપાઈ છે. જોકે અત્યારે તેમની પર બીજા પણ કેસ ચાલી રહ્યા હોવાથી જેલની વર્દી પહેરવાનુ તેમના માટે ફરજિયાત નથી. જોકે તેમને જેલમાં બીજા કેદીઓની જેમ કામ કરવુ પડશે. સૂત્રોના કહેવા પ્રમાણે તેમને બીજા કેદીઓની સાથે રહીને કરવુ પડે તેવુ કામ નહીં.

### ચંડીગઢ મેયરની ચૂંટણીમાં ગેરરીતિનો મામલો સુપ્રીમકોર્ટમાં

## ચંડીગઢ મેયર ચૂંટણીનો પ્રિસાઈડિંગ ઓફસરનો વીડિયો વાયરલ, સીજેઆઈ ભડક્યાં

। (એજન્સી) ચંદીગઢ, તા.૬ ।

ચંદીગઢ મેયરની ચૂંટણીમાં ગેરરીતિનો મામલો હવે સુપ્રીમકોર્ટમાં પહોંચી ગયો છે. આ મામલે ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) ડી.વાય.ચંદ્રચૂડે આકરી ટિપ્પણી કરતાં તેને લોકતંત્રની હત્યા પણ ગણાવી દીધી હતી. આપ પાર્ટી ચૂંટણીમાં ગેરરીતિનો આરોપ મૂકી રહી છે. આ દરમિયાન જ પ્રિસાઈડિંગ ઓફિસર અનીલ મસીહનો વધુ એક વીડિયો વાયરલ થતાં રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. માહિતી અનુસાર અનીલ મસીહ બેલેટ પેપર પર સહી કરતી વખતે કેમેરા તરફ જોયા કરે છે. આ વીડિયો સામે આવ્યા બાદ અનીલ મસીહની કાર્યવાહી સામે સતત સવાલો ઊઠવા લાગ્યા છે. આપ નેતાઓએ સવાલો ઊઠાવ્યાં છે કે શું ચંદીગઢમાં ૩૦ જાન્યુઆરીએ યોજાયેલ મેયરની ચૂંટણી નિષ્પક્ષ હતી? અગાઉ પણ ચૂંટણી દરમિયાન અનીલ મસીહનો વીડિયો વાયરલ થયો હતો જેમાં તે બેલેટ પેપર પર કલમ ચલાવતા દેખાઈ રહ્યા હતા. સુપ્રીમકોર્ટમાં વીડિયો રજૂ કરાયો હતો. જેના બાદ સીજેઆઈએ તેને લોકતંત્રની મજાક ગણાવતાં અનીલ મસીહ સામે કેસ દાખલ કરવાની વાત પણ કહી હતી. તેમણે પંજાબ-હરિયાણા હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને ચંદીગઢ મેયરની ચૂંટણી સંબંધિત તમામ રેકોર્ડ સુરક્ષિત કરવા પણ કહ્યું હતું. હવે આ મામલે ૧૨ ફેબ્રુઆરીએ સુનાવણી થશે. આમ આદમી પાર્ટીએ ચંડીગઢ મેયરની ચૂંટણીમાં ધાંધલી કરી ભાજપના ઉમેદવારને જીતાડવાનો આરોપ લગાવ્યો છે. તેનો આરોપ છે કે કોંગ્રેસ-આપ ગઠબંધન પાસે ૨૦ વોટ હોવા છતાં ભાજપના ઉમેદવારને ૧૬ વોટ સાથે વિજેતા જાહેર કરાયા.

કેન્દ્રીય વિદેશ અને સાંસ્કૃતિક રાજ્ય મંત્રી સુશ્રી મીનાક્ષી લેખી નવી દિલ્હીમાં જયપુર હાઉસ, ઈન્ડિયા ગેટ ખાતે લેખકો એલ સોમી રોય અને ડો. ચંગિયમ હિન્દુસ્તાની દેવી સાથે ફેધર્સ, ફૂલ્સ એન્ડ ફાર્ટ્સ નામના પુસ્તક અંગે વાર્તાલાપ કરી રહ્યા છે.

### સરહદ પાર પ્રેમની વધુ એક કહાની સામે આવી

# જમ્મુની ૨૨ વર્ષની મહિલાએ પ્રેમીને મળવા પુત્રી સાથે સરહદ પાર કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

સરહદ પાર પ્રેમની વધુ એક કહાની સામે આવી છે. ભારતની અંજૂના પાકિસ્તાન જવા અને પાકિસ્તાનની સરહદ હૈદરની બોર્ડર પાર કરીને ભારત આવવા બાદ હવે જમ્મૂની એક મહિલાએ પ્રેમીને મળવા માટે સરહદ પાર કરી છે.

જમ્મુની ૨૨ વર્ષની આ મહિલાનું નામ શબનમ છે જેની દોઢ વર્ષની પુત્રી પણ છે અને તે તેને સાથે લઈને બોર્ડર પાર ગઈ છે. જમ્મુ-કાશ્મીર પોલીસે સોમવારે જણાવ્યુ કે શબનમના પૂંછના સલતોરીમાં રહેતા ગુલામ રબ્બાનીથી લગ્ન થઈ ચૂક્યા છે. તેઓ પૂંછ જિલ્લાના જ ખાદી કરમાડા વિસ્તારમાં રહેતી હતી જે લાઈન ઓફ કંટ્રોલ નજીક છે. ઘરના લોકોએ આ મામલે પોલીસ પાસે મદદ માંગી છે. પરિવાર તરફથી ગુમ થયાની ફરિયાદ નોંધાયા બાદ જમ્મુ કાશ્મીર પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. પરિવારજનોનો દાવો છે કે પાકિસ્તાનના એક શખ્સે તેને વ્હોટ્સએપ પર પ્રેમ થઈ ગયો હતો જે બાદ તેણે સરહદ પાર કરી.

પોલીસનું કહેવુ છે કે તેણે ફોન પર આવેલા કોલ્સની ડિટેલ કાઢવામાં આવી રહી છે અને તેનું લોકેશન ટ્રેસ કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. હાલ તેની સાથે સંપર્ક સાધવામાં આવી શક્યો નથી. અધિકારીઓ અનુસાર મહિલાના પાકિસ્તાનમાં ૩ કાકા અને ૧ કાકી છે. તે વ્હોટ્સએપ કોલ પર સતત પાકિસ્તાનના એક શખ્સના સંપર્કમાં હતી જેણે તેની સાથે લગ્ન કરવાનું વચન આપ્યુ. મહિલા તે વ્યક્તિ સાથે લગ્ન કરવા માટે પૂંછના રંગાર નાલા વિસ્તારથી સરહદ પાર કરીને પાકિસ્તાન ગઈ. આમ તો આ પહેલા પણ સરહદ પાર પ્રેમની ઘણી અન્ય કહાનીઓ પણ સામે આવી ચૂકી છે. જ્યાં સીમા હૈદર નામની મહિલા પાકિસ્તાનથી ભારત આવી ગઈ. અંજૂ રાજસ્થાનથી પાકિસ્તાન પહોંચી ગઈ હતી. આ બંને મહિલાઓની કહાનીઓ ખૂબ ચર્ચામાં રહી હતી. જ્યારે અમુક સમય પહેલા પોલેન્ડની વિવાહિત બારબરા પોલાક પણ હિંદુસ્તાની પ્રેમી સાથે મળવા ઝારખંડ આવી. પાકિસ્તાનથી વધુ એક મહિલા જવેરિયા ખાનમ વાઘા બોર્ડર દ્વારા ભારત આવી હતી.

### ઈડીની મની લોન્ડરિંગ સંદર્ભે આપ સાથે સંકળાયેલાઓ સામે કાર્યવાહી

## ઈડીએ ભાજપની એક્સટેન્ડેડ બ્રાન્ચ છે : સંજય રાઉત

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

ઈડીમની લોન્ડરિંગ તપાસ હેઠળ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના અંગત સચિવ અને આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા અન્ય લોકોના આવાસ સહિત લગભગ ૧૦ ઠેકાણે સર્ચ ઓપરેશન કરી રહી છે. હવે તેના પર ઉદ્ધવ ઠાકરે જૂઠના સાંસદ સંજય રાઉતનું મોટું નિવેદન સામે આવ્યુ છે. શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે વડાપ્રધાન મોદી સામે નિશાન તાકતા કહ્યું કે, ઈડીએ ભાજપની એક્સટેન્ડેડ બ્રાન્ચ છે આરએસએસબાદ જો ભાજપ કોઈના પર વિશ્વાસ કરે છે તો તે ઈડીછે. મહારાષ્ટ્ર, ઝારખંડ અને પશ્ચિમનો ઈડીએ જ ખેલ પાડ્યો છે. અજિત પવાર વિશે તો વડાપ્રધાને પોતે કહ્યું હતું પરંતુ શું ત્યાં ઈડીપહોંચી? કેન્દ્રીય એજન્સીના અધિકારીઓ બિભવ કુમાર તથા દિલ્હી જલ બોર્ડના પૂર્વ સભ્ય શલભ કુમાર અને અન્ય કેટલાક લોકોના પરિસરમાં સર્ચ કરી રહ્યા છે. ઈડીએ મની લોન્ડરિંગના એક કેસની તપાસ હેઠળ આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના અંગત સચિવ બિભવ કુમાર અને આમ આદમી પાર્ટી સાથે સંકળાયેલા કેટલાક લોકોના પરિસરમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું કે દરોડા હેઠળ રાષ્ટ્રીય રાજધાનીમાં લગભગ ૧૦ જેટલા ઠેકાણાની તલાશી કરવામાં આવી રહી છે. હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે, આ સર્ચ મની લોન્ડરિંગ સંબંધિત હાલની તપાસના સંબંધમાં છે. કેન્દ્રીય એજન્સીના અધિકારીઓએ બિભવ કુમાર અને દિલ્હી જલ બોર્ડના પૂર્વ સદસ્ય શલભ કુમાર, પાર્ટીના રાજ્યસભાના સભ્ય અને રાષ્ટ્રીય ખજાનચી એનડી ગુપ્તાના કાર્યાલય સહિત અન્ય લોકોના ઠેકાણા પર સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે.

### લોકસભાની ચૂંઠણી પહેલાં કોંગ્રેસના નેતાની જાહેરાત

# વિપક્ષી ગઠબંધન સત્તા પર આવશે તો અનામતની ૫૦ ટકાની મર્યાદા દૂર કરાશે

### ઓબીસી, દલિતો, આદિવાસીઓને અધિકાર આપવાનો સમય આવે છે, ત્યારે મોદીજી કહે છે કે કોઈ જાતિ નથી અને જ્યારે મત લેવાનો સમય આવે છે, ત્યારે તેઓ કહે છે કે તેઓ ઓબીસી છેઃ રાહુલ

। નવી દિલ્હી, તા.૬ ।

લોકસભાની ચૂંટણી માટે હવે ગણતરીના દિવસો ગણાઈ રહ્યાં છે. દેશના તમામ મોટા રાજકીય પક્ષો તૈયારીઓમાં લાગ્યા છે. ચૂંટણીમાં લોકોને રીઝવવા પક્ષોએ વચનો આપવાનું શરૂ કરી દીધું છે.

એક તરફ વડાપ્રધાન મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ભાજપ અભૂતપૂર્વ જીત સાથે ૩૭૦ બેઠકો મેળવશે અને એનડીએ ગઠબંધન આગામી સામાન્ય ચૂંટણીમાં ૪૦૦નો આંકડો પાર કરશે. બીજી તરફ, વાયનાડથી કોંગ્રેસના લોકસભા સાંસદ રાહુલ ગાંધીએ પણ જાહેરાત કરી છે કે જો વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાભારતમાં સત્તામાં આવશે તો દેશવ્યાપી જાતિ ગણતરી હાથ ધરવામાં આવશે અને અનામત પરની ૫૦ ટકાની મર્યાદા પણ દૂર કરવામાં આવશે. રાંચીની જનસભામાં રાહુલ ગાંધીએ આક્ષેપ પણ કર્યો હતો કે ભારતીય જનતા પાર્ટીએ ઝારખંડમાં ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ) - કોંગ્રેસ-રાષ્ટ્રીય જનતા દળ સરકારને તોડી પાડવાનો પ્રયાસ કર્યો હતો કારણ કે રાજ્યના મુખ્યપ્રધાન આદિવાસી હતા. ગાંધીએ શહીદ મેદાન ખાતે આયોજિત રેલીમાં કહ્યું, “હું ભાજપ-રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાવતરાને રોકવા અને ગરીબોની સરકારને બચાવવા માટે ગઠબંધનના તમામ ધારાસભ્યો અને ચંપાઈ સોરેન જીને અભિનંદન આપવા માંગુ છું.’’ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું, “ભારત સામે આ સૌથી મોટો પ્રશ્ન છે. અમારું પહેલું પગલું દેશમાં જાતિ આધારિત વસ્તી ગણતરી કરાવવાનું રહેશે. હાલની જોગવાઈઓ હેઠળ ૫૦ ટકાથી વધુ અનામત આપી શકાય નહીં. રાહુલ ગાંધીએ ચૂંટણી માટે બ્રમાસ્ત્ર સમાન વચન આપ્યું હતું કે ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટ ઈક્લુઝિવ એલાયન્સ (ઈન્ડિયા)ની સરકાર આરક્ષણ પરની ૫૦ ટકાની મર્યાદાને ‘દૂર’ કરશે. ગાંધીએ કહ્યું, “દલિતો અને આદિવાસીઓના આરક્ષણમાં કોઈ કાપ નહીં આવે. હું તમને ખાતરી આપું છું કે સમાજના પછાત વર્ગોને તેમના અધિકારો મળશે.

### સામાન્ય માણસ માટે એક સારા સમાચાર

## ફેબ્રુઆરીમાં ભારત ચોખા ૨૯ રૂપિયાના કિલોના ભાવે મળશે

। નવી દિલ્હી, તા.૬ ।

સામાન્ય માણસ માટે એક સારા સમાચાર છે. હવે ટૂંક સમયમાં લોકોને સસ્તા ચોખા મળશે. દેશમાં ખાદ્યપદાર્થોના ભાવમાં થઈ રહેલા વધારાને નિયંત્રિત કરવા માટે, ભારત બ્રાન્ડ હેઠળ ખાદ્ય પદાર્થોનું વેચાણ કરવાની યોજના બનાવવામાં આવી છે. છેલ્લા એક વર્ષમાં ચોખાના છૂટક ભાવમાં ૧૫ ટકાનો વધારો જોવા મળ્યો છે.

સરકાર આ મહિનામાં જ એટલે કે ફેબ્રુઆરીના પહેલા સપ્તાહમાં ભારત ચોખાનું વેચાણ શરૂ કરી શકે છે. ગ્રાહકોને રાહત આપવા માટે સરકાર ૨૯ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ભારતીય ચોખા બજારમાં ઉતારશે. સબસિડીવાળા ચોખા ૫ કિલો અને ૧૦ કિલોના પેકમાં ઉપલબ્ધ થશે. આ ઉપરાંત કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે એક સૂચના બહાર પડી છે કે સરકાર હવે



બિન-બાસમતી સુગંધિત ચોખાનું ગ્રેડિંગ કરશે. ગોવિંદભોગ, તુલાઈપંજી, કટારીભોગ, રાધુનીપગલ, કલોનુનિયા, કાલા નમક સહિતની ઘણી જાતોના ચોખાનું વર્ગીકરણ કરવામાં આવશે. જેના કારણે ઉત્પાદકોને મોટો ફાયદો થશે. તેમજ ચોખાની વિશેષ જાત વિષે ઉત્પાદકોને માહિતી મળશે અને સારી કિંમતે વેચી પણ શકાશે. મોંઘવારીમાં રાહત આપવા માટે લોકોને ભારત ચોખાના રૂપમાં સસ્તા ચોખા આપવાની આ યોજના સરકારનું મોટ પગલું માનવામાં આવી રહ્યું છે. દેશમાં ભારત ચોખાનું વેચાણ તમામ સહકારી સ્ટોર્સ અને મોટી રિટેલ ચેન દ્વારા ઉપલબ્ધ થશે.

## કેજરીવાલના અંગત સચિવ-સાસંદના ૧૨ ઠેકાણા પર ઈડીના દરોડા

। નવી દિલ્હી, તા.૬ ।

દિલ્હીમાં આમ આદમી પાર્ટીના મોટા નેતાઓને ત્યાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના અધિકારીઓએ દરોડા પાડ્યા છે. માહિતી અનુસાર મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના અંગત સચિવ બિભવ કુમાર તથા રાજ્યસભાના સાંસદ એન.ડી.ગુપ્તાના ઘર સહિત કુલ ૧૨ ઠેકાણે ઈડી દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે સૂત્રોનું કહેવું છે કે મની લોન્ડરિંગના કેસમાં ઈડી દરોડાની કાર્યવાહી તો કરી રહી છે. પણ આ મની લોન્ડરિંગનો કેસ કયો છે તેને લઈને હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

## બેસણું

સ્વ.યોગીનીબેન ધ્રુવકાંતભાઇ ઉપાધ્યાય

અમારા માતાશ્રી યોગીનીબેન ધ્રુવકાંતભાઈ ઉપાધ્યાય
તા.02/02/2024 ના રોજ દેવલોક પામ્યા છે
સદગત બેસણું તા.08/02/2024 ને
ગુરુવારના રોજ બપોરે 11:00 થી 2:00 વાગ્યાં સુધી અમારા નિવાસ સ્થાને
બાવાકુવા પાસે,બ્રાહ્મણવાડા,સંતરામપુર ખાતે રાખેલ છે

લી.
કેતન ધ્રુવકાંત ઉપાધ્યાય
હિતેષ ધ્રુવકાંત ઉપાધ્યાય
ઓમ હિતેશભાઈ ઉપાધ્યાય
અથર્વ કેતનભાઈ ઉપાધ્યાય
તથા ઉપાધ્યાય પરિવાર

9773048386
9428904171

## તંત્રી લેખ...

# સાઉદી અરેબિયામાં ડિફેન્સ શોમાં ભારતનું પ્રતિનિધિત્વ ત્રણ મહિલા અધિકારીઓ કરશે

હવે વિશ્વ ભારતની મહિલા શક્તિની તાકાત જોશે. સાઉદી અરેબિયાના રિયાધમાં યોજાનારા વર્લ્ડ ડિફેન્સ શો ૨૦૨૪માં ભાગ લેવા માટે ભારતથી મહિલા અધિકારીઓનું ત્રણ સભ્યોનું પ્રતિનિધિમંડળ સાઉદી અરેબિયા મોકલવામાં આવ્યું છે. આ ત્રણેય મહિલાઓ સેનામાં ફ્રન્ટલાઈન ભૂમિકા ભજવે છે. સાઉદી અરેબિયામાં ૮ ફેબ્રુઆરી દરમિયાન યોજાનાર ડિફેન્સ શોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનારી ત્રણ મહિલા અધિકારીઓમાં એક મહિલા ફાઈટર પાઈલટ, બીજી કોમ્બેટ એન્જિનિયર અને ત્રીજી યુદ્ધ જહાજ પર કામ કરી રહી છે. તેમના નામ છે સ્ક્વોડ્રન લીડર ભાવના કંથ, કર્નલ પોનુંગ ડોમિંગ, ભારતીય નૌકાદળના લેફ્ટનન્ટ કમાન્ડર અન્નુ પ્રકાશ. આયોજકો કહે છે કે રિયાધમાં આ શો વિશ્વ સંરક્ષણ ઉદ્યોગ માટે ભાગીદારી, જ્ઞાન વહેંચવા અને તમામ સંરક્ષણ ક્ષેત્રોમાં નવા વિચારો અને ક્ષમતાઓનું અન્વેષણ કરવા માટે એક અનન્ય પ્લેટફોર્મ પૂરું પાડશે. જેમાં ટોચના સૈન્ય નેતાઓ, સરકારી અધિકારીઓ અને સંરક્ષણ ઉદ્યોગના કેપ્ટન ભાગ લઈ રહ્યા છે. તમને જણાવી દઈએ કે સ્ક્વોડ્રન લીડર ભાવના કંથ હાલમાં સુખોઈ-૩૦ ફાઈટર જેટ ઉડાવે છે. તે ૨૦૧૬માં ભારતીય વાયુસેનામાં ફાઈટર પાઈલટ તરીકે જોડાનાર પ્રથમ ત્રણ મહિલાઓમાંની એક છે. કંથ ૭ ફેબ્રુઆરીએ 'ઈન્ક્લુઝિવ ફ્યુચરમાં રોકાણ' પર પેનલ ચર્ચામાં ભાગ લેશે. જે લિંગ વિવિધતા અને સંરક્ષણ ક્ષેત્રે તમામ સ્તરે મહિલાઓના પ્રતિનિધિત્વ પર ધ્યાન કેન્દ્રિત કરશે. કંથની પેનલમાં સાઉદી સંરક્ષણ મંત્રાલયમાં સશસ્ત્ર દળો, શિક્ષણ અને તાલીમ સત્તામંડળના વડા મેજર જનરલ અદેલ અલ-બાલાવી અને યુકે રોયલ એરફોર્સના એર માર્શલ સ્ઈ સેમ્પસનનો સમાવેશ થાય છે. યુએસમાં સાઉદી અરેબિયાના રાજદૂત રીમા બંદર અલ સાઉદ શોમાં 'ઈન્ટરનેશનલ વુમન ઈન ડિફેન્સ' કાર્યક્રમનું નેતૃત્વ કરશે. કર્નલ પોનુંગ ડોમિંગ લદ્દાખના સંવેદનશીલ વિસ્તાર ડેમચોક સેક્ટરમાં ખૂબ ઊંચાઈ પર રોડ બનાવી રહ્યા છે. જે નિયંત્રણ રેખાથી માત્ર ૩ કિમી દૂર છે. તેમનું યુનિટ પૂર્વી લદ્દાખમાં એલએસી નજીકના લેન્ડિંગ ગ્રાઉન્ડને લડાઈ કામગીરી માટેના બેઝમાં અપગ્રેડ કરવાના મહત્વપૂર્ણ પ્રોજેક્ટનું પણ નેતૃત્વ કરી રહ્યું છે. આ સાથે, લેફ્ટનન્ટ કમાન્ડર અન્નુ પ્રકાશ નૌકાદળની પ્રથમ મહિલા અધિકારીઓમાંની એક છે જે ફ્રન્ટ લાઈન ડિસ્ટ્રોયર, **INS** કોચી પર સેવા આપી રહી છે. ૨૭ જાન્યુઆરીના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે વિશ્વ જોઈ રહ્યું છે કે ભારતની મહિલા શક્તિ દરેક ક્ષેત્રમાં પોતાની ક્ષમતા સાબિત કરી રહી છે અને વિશ્વમાં એક ઉદાહરણ સ્થાપિત કરી રહી છે. નોંધનીય છે કે ૨૬ જાન્યુઆરીએ ગણતંત્ર દિવસના અવસરે મહિલા અગ્નિશામકોએ પ્રથમ વખત પરેડમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત છ ફાઈટર પાઈલટ સહિત ૧૫ મહિલા પાઈલટ પણ આ શાનદાર ફ્લાયપાસ્ટનો ભાગ હતી.

# અમદાવાદ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સર્પદંશ નિવારણ અને સારવારની તાલીમનું આયોજન કરાયું

## જિલ્લાના તમામ તાલુકાના આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારીઓ અને નર્સિંગ કર્મીઓને તાલીમ અપાઈ

**। (માહિતી) અમદાવાદ ।**

સમગ્ર પ્રાણી જગતમાં સૌથી વધારે કુતૂહલ 'સાપ' જગાડે છે. સર્પદંશ એક બહુ મોટી જાહેર આરોગ્યની સમસ્યા છે. સામાન્ય રીતે વાડી-ખેતર અને ગ્રામ્ય વિસ્તારોમાં સાપ નીકળતા હોય છે. આ ઉપરાંત ભેજવાળા વિસ્તારમાં પણ સાપ જોવા મળતા હોય છે ત્યારે સર્પદંશ નો ભોગ પણ આ વિસ્તારમાં રહેતા લોકો વધારે બનતા હોય છે. ગુજરાત સહિત ભારતમાં સર્પદંશથી થતા સૌથી વધુ મૃત્યુ પાછળ મુખ્યત્વે ચાર ઝેરી સાપ કારણરૂપ હોય છે. જેમાં નાગ (ઈન્ડિયન કોબ્રા), કાળોતરો (ઈન્ડિયન ક્રેટ), ખડચિતળો (રસેલ્સ વાઈપર) અને ફૂરસો (સો સ્કેલ્ડ વાઈપર)નો સમાવેશ થાય છે. ત્યારે સર્પદંશથી મૃત્યુ અટકાવવા અને સમયસર ઝડપી નિવારણ આપવા અમદાવાદ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સર્પદંશ વિશેની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે જિલ્લાના આરોગ્ય કેન્દ્રો ખાતે ફરજ બજાવતા તબીબી અધિકારીશ્રીઓ તથા સ્થાનિક તબીબી અધિકારીશ્રીઓ અને નર્સિંગની ફરજ બજાવતા કર્મીઓને 'સર્પદંશ' ની સમયસર સારવાર અને તેના યોગ્ય નિવારણ વિશેની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં સર્પદંશથી ૨૦ હજારથી વધુ લોકોના જીવ બચાવનાર ડો. ડી.સી.પટેલે સર્પદંશની જાગૃતિ અને સારવાર ઉપર પોતાની આગવી શૈલીમાં માહિતી આપી હતી. આ ઉપરાંત સર્પદંશ સારવાર અને શિક્ષણ સંસ્થાના સંસ્થાપક ડો.પ્રિયંકા કદમે ઝેરી અને બિનઝેરી સાપની ઓળખ અંગે તથા સાપ કરડે તો આપવાની પ્રાથમિક સારવાર વિશે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વધુમાં, બંને નિષ્ણાંતોએ સર્પદંશ વિશે લોકોને માહિતગાર કરવા અને જાગૃતતા લાવવા વિશે પણ અનુરોધ કર્યો હતો. આ વર્કશોપમાં સર્પદંશ વિશેની ટૂંકી ફિલ્મ તથા સાપના પ્રકારો વિશે પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો.શૈલેષ પરમારે કહ્યું હતું કે, અમદાવાદ જિલ્લામાં સર્પદંશથી થતા મૃત્યુ અટકાવવા અને સમયસર સારવાર મળી રહે તે હેતુથી આ તાલીમનું આયોજન કરાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ જિલ્લાના તમામ આરોગ્ય કેન્દ્રના આશરે ૪૩ તબીબી અધિકારીઓ અને ૭૯ જેટલા આરોગ્ય કર્મીઓને આ તાલીમ આપવામાં આવી હતી. તાલીમ મેળવી તમામ તબીબી અધિકારી તથા કર્મચારી સર્પદંશથી થતાં મૃત્યુ અટકાવવા સંકલ્પ બદ્ધ બન્યા હતા.

---

# લગ્ન જેવા પવિત્ર સંબંધનાં પાયામાં સરળતા સહજતા અને સચ્ચાઈ હોવી બહુ જરૂરી છે

**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

મિત્રો વસંત આવતા લગ્નની મોસમ હવે પૂરબહારમાં ખીલશે, અને કંઈક યુવક યુવતીઓ સપ્તપદીના સાત વચને દામ્પત્ય ભણી પગ માંડશે. બાહ્ય રૂપની બોલબાલા વાળા આ સમયમાં દરેક સંબંધ આજકાલ કાચના વાસણ જેવા થઈ ગયા છે, અને એને હેન્ડલ વિથ કેર જેમ જતન કરવું પડે છે! જરાક ઊંચનીચ થાય એટલે ડિવોર્સની ધમકી! પરંતુ આવાં સમયમાં પણ કોઈ હોય છે જેને મન સંબંધના પાયામાં સચ્ચાઈની ખેવના હોય છે. આજે સવિનય સોસાયટીના નાનકડા એવા એક ઘરમાં દોડાદોડી ચાલી રહી હતી, અને બધા ઘરને વ્યવસ્થિત કરતાં હતાં, જેથી કરીને આવનારના મનમાં ખરાબ ઈમ્પ્રેશન ઊભી થાય નહીં. શેટી પર નવો રેશમી ઓછાડ પાથરવામાં આવ્યો હતો, ટિપોય પર પણ ભરેલો રૂમાલ પાથર્યો, અને રસોડામાં નવીન વ્યંજન બન્યા હતાં, મુખવાસની પેટી પણ તૈયાર થઈ ગઈ. રૂમની અંદર અગરબત્તી પ્રગટાવીને વાતાવરણને ખુશનુમા કરવાની કોશિશ થઈ રહી હતી, તેમજ એક ખૂણામાં તાજા ફૂલો વાળો ગુલદસ્તો પણ રાખવામાં આવ્યો હતો, અને બારણે શુકનવંતુ આસોપાલવનું તોરણ બંધાયું હતું, કે આ વખતે જો બધું પાર પડી જાય તો સારું!!

દાદી એ તો સવાસો રુપિયાના પ્રસાદની માનતા પણ માની હતી, અને મમ્મી પપ્પાએ પણ ભગવાન આગળ દીવો કરીને પ્રાર્થના કરી હતી. સૌ કોઈના મનમાં એક જ આશા હતી કે આ વખતે દીકરીનું બધું ગોઠવાઈ જાય. વાત જાણે એમ હતી કે આ ઘરની એક માત્ર એવી લાડકી દીકરી એટલે કે ખેવનાને જોવા આવવાના હતા.ખેવના એક ઉર્મિથી ભરેલી અને લગ્નની ઉંમરે પહોંચેલી ખૂબ જ સુંદર કહી શકાય એવી અપ્સરા જેવી યુવતી હતી, પરંતુ તકલીફ ત્યાં હતી કે તેને પીઠ પર એક સફેદ ડાઘ હતો, અને આશ્ચર્યની વાત તો એ હતી, કે એ ડાઘ મામૂલી ડાઘ હતો. કોઈ બીમારીનો નહોતો. નાનપણમાં કોઈ કારણસર ફટાકડથી એ ડાઘ પડ્યો હતો, અને યોગ્ય ટ્રીટમેન્ટ મળે તો કદાચ સારું પણ થઈ જાય, પણ દાદીના પાડતાં હતાં કે નકામી છોકરીની વાત આખું ગામ કરે એટલે, અને પ્લાસ્ટિક સર્જરી કરવા જેટલાં રુપિયા એક સામાન્ય ગૃહસ્થ આગળ ક્યાંથી હોય! એ એક કારણથી જ આશા ભરેલી યુવતીનું લગ્નનું નક્કી થતું નહોતું.

આજે પણ ઉમંગ નામનો અમેરિકામાં જોબ કરતો, એક યુવાન જોવા આવવાનો હતો, અને દાદીના કહેવાથી એણે કોલર વાળું બ્લાઉઝ પહેર્યું હતું, પણ એનું મન કોઈને છેતરવા માટે તૈયાર નહતું. નક્કી કરેલા સમયે ઉમંગ તથા એનું ફેમિલી આવી પહોંચ્યું,અને ખેવના તેમને બધાને ખૂબ પસંદ આવી, અને ઉમંગને પાછા અમેરિકા જવાનું હોવાથી, તાત્કાલિક સગાઈને લગ્નનું નક્કી કર્યું.બધુજ સરસ રીતે પતી ગયું, એ વાતનો બધાં અંદરોઅંદર આનંદ વ્યક્ત કરતા હતાં. પરંતુ ખેવનાનું મન માનતું ન્હોતું, ભલે કોઢનો ડાઘ ન હતો, નાનપણમાં ફડાકડો ઉડવાથી પડ્યો હતો, અને અંદરનો ભાગ હોવાથી સફેદ ડાઘ રહી ગયો હતો. તેણે મનોમન નક્કી કરી નાખ્યું, કે તે આ વાત કહેશે, પછી જ સગાઈ અને લગ્ન એની જો હા હોય તો થશે, બાકી ભલે બધા યુવકોની જેમ ઉમંગ પણ ના પાડે. ઉમંગ દેખાવે ખૂબ જ સુંદર હતો, અને ખેવનાને તે પહેલી જ નજરે પસંદ પડી ગયો હતો, અને જો નક્કી થાય તો બંનેની જોડી રામ સીતા જેવી સુંદર લાગે! એને પણ એની સાથે જન્મોજન્મના બંધનનો ભાવ મહેસૂસ થતો હતો.એટલે જ આ વાત છુપાવવી તેને ગમતી ન્હોતી. એક બાજુથી આવો સારો જીવનસાથી જો ચાલ્યો જાય તો એનો ખેદ હતો, અને બીજી બાજુ સચ્ચાઈ હતી કે ના એ રીતે સંબંધ બંધાય તો એમાં કોઈ સુખ મળે નહીં કાયમનું મેણું પણ રહી શકે. બીજે દિવસે ખેવના અને ઉમંગ એક કોફી શોપમાં બેઠા હતાં, ઉમંગે મજાક કરતા કહ્યું કે હજી તો ચોવીસ કલાક પણ થયા નથી, અને પાછા આપણે ભેગા થયાં. મને લાગે છે કે આગ બંને બાજુથી સરખી લાગી છે, આપણે બહુ જલ્દી લગ્ન બંધનમાં બંધાઈ અને કાયમ એક થઈ જઈશું.

ખેવનાએ કહ્યું એટલે જ હું તમને એક વાત કહેવા આવી છું, જે મારા જીવન સાથે જોડાયેલી છે, મારી પીઠ ઉપર એક નાનો અમથો સફેદ ડાઘ છે,જે કદાચ જતો પણ રહે!! પરંતુ અમે ડોક્ટરને બતાવ્યું નથી અને દવા પણ કરી નથી,તેમજ આ વાત અન્ય કોઈ સગા સંબંધી ને જાણ પણ નથી. પણ આજ સુધી બધા યુવકો એ ડાઘને કોઢનો ડાઘ સમજી, અને મને રીઝેક્ટ કરી ચુક્યા છે, કારણ કે અમે બધાને ડાઘનુ સાચું કારણ કહ્યું હતું.આ વખતે પપ્પા અને દાદીની વાત માની અને હું ચૂપ રહી. પણ મને એ વાત સતત ડંખે છે, એટલે મેં આપને સાચી હકીકતથી વાકેફ કર્યા છે, હવે આપ કહો તે મુજબ બધું થશે, ચાહો તો પાછા ફરી શકો છો! ઉમંગ એ પુછ્યુ, એટલે તું મને પસંદ નથી કરતી એમને !! ખેવના એકદમ ભાવમાં આવી ગઈ, અને તેણે ઉમંગનાં મોઢા પર હાથ રાખતાં કહ્યું કે ના! ના ! હું તો આપને મારા પતિ માની ચુકી છું,પણ આ રીતે છેતરપિંડીથી મારે તમને મેળવવા નહોતાં. ઉમંગે તેનો હાથ પોતાના હાથમાં લઈ લીધો, અને કહ્યું મને તારી સચ્ચાઈ પર પૂરો ભરોસો છે, અને એ ડાઘ જે હોય તે મને કોઈ ફેર પડતો નથી. હવે તો હું લગ્ન કરીને તને લઈને જ અમેરિકા જઈશ, આટલી પ્રમાણિત યુવતી કોઈ અન્ય મારા હાથમાંથી ખેંચી જાય તે કેમ ચાલે. પછી તો ઉમંગ એ પોતાની ટિકિટ કેન્સલ કરાવી અને ટૂક સમયમાં જ પંડિત એ લગ્નનું મુહર્ત કાઢ્યું. ખેવના ના માતા પિતા પણ ઉમંગ જેવો જમાઈ મેળવી ને ખૂબ ખુશ થયાં. બંને પક્ષે લગ્નની તૈયારીઓ શરૂ થઈ. ઉમંગનાં માતા પિતા એ ખેવના માટે ખૂબ વિદેશમાં પહેરી શકાય એવા મોર્ડન ડ્રેસ અને સાડી જ્વેલરી બધું ખરીદ્યું. ખેવના ના માતા પિતા એ પોતાની હેસિયતથી વધીને લગ્ન કર્યા. સાજન માજન વચ્ચે ધામધૂમથી લગ્નનો વિધિ સંપન્ન થયો, ખેવનાના વિઝા થતાં બંને પ્રેમી પંખીડા લગ્ન કરીને જન્મોજન્મ ના વચનથી બંધાઈ ને અમેરિકા ઉપડી ગયા. પ્લાસ્ટિક સર્જરી થતી હોવા છતાં ઉમંગે એ ડાઘ એમને એમ જ રહેવા દીધો, અને ક્યારેય એ વિશે ખેવના ને સોસાયટીમાં શરમ પણ અનુભવવા ન દીધી.આજે તો એ બાગમાં બે ફૂલ પણ ખીલી ચૂક્યા છે, અને ઉમંગ પોતાના મિત્રો ને ખેવનાની સચ્ચાઈની વાત ખૂબ જ ગર્વથી કરે છે.ખેવના પણ માત્ર દેખાવે સુંદર નહોતી, તેનું મન પણ સુંદર હતું, એટલે ત્યાંના તેના મિત્રોની પત્ની સાથે પણ તે તરત જ ભળી ગઈ. મિત્રો ડાઘ એ ખેવનાની સચ્ચાઈ નહોતી પણ સચ્ચાઈ એનો સ્વભાવ હતો. આપણાં સમાજમાં આજકાલ લગ્ન બાબત યુવક યુવતીઓ માં જાણે બઝાર ની જેમ તોલમાપ ની ફેશન બની ગઈ હોય એવું સાંભળવા મળે છે.

યુવતીઓને ખૂબ કમાતો અને રોકટોક ન કરે એવા યુવકો જોઈએ છે, તો યુવકોને પત્ની નહીં પણ મોડેલ જોઈએ છે. લગ્ન એટલે જાણે રંગમંચની દુનિયા! એટલે ક્યારેક આવી દ્વિધા થાય ત્યારે સચ્ચાઈથી જીવનભરનું દુઃખ મળશે, એમ કરીને લોકો છુપાવતા હોય છે. પણ ક્યારેક સચ્ચાઈ આવું અનન્ય સુખ પણ પ્રદાન કરે છે. એટલે જે સંબંધના પાયામાં સચ્ચાઈ હોય એ જ લાંબો સમય ટકી શકે છે, એ યાદ રાખવું. પતિ પત્ની નાં સંબંધો કંઈ પ્રદર્શનની વાત નથી, એની એક અનેરી ગરિમા હોય છે, જે બંને પક્ષે સાથે મળીને જાળવવાની હોય છે. આપણે ત્યાંલગ્નનીવિધિધાર્મિકગણાયછેમાટેઆસંબંધને પવિત્ર ગણ્યો હશે? કારણ આ વિધિ શરુ કરતા પહેલાં ગણેશનું પુજન કરવામાં આવે છે કે જેથી પરિવારના આ પ્રસંગ દરમિયાન કોઈ વિઘ્ન ના આવે અને પ્રસંગ આનંદથી ઉકલી જાય.આ સિવાય પણ અનેક પ્રકારની ધાર્મિક વિધિ કરવામાં આવતી હોઇ છે માટે આ સંબંધને પવિત્ર ગણાવ્યો હશે તેમ માનવા કે મનાવવામાં આવતું જણાય છે. ઈશ્વરે પણ શ્રમ વિભાજન માટેની માંગણી ઉપર વિચાર કર્યો હોવો જોઈએ.

---

# જ્ઞાની-યોગી થવું સહેલું છે, પણ સેવક થવું સૌથી કઠણ છે, નહીં ગમતું કામ પણ સેવકે પ્રસન્ન મનથી કરવું પડે છે

**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા

ધર્મ મર્યાદા પાળવાથી શું થવાનું છે, પણ જ્ઞાની પુરુષોને પણ જ્ઞાનની રામકક્ષાએ પહોંચ્યા પછી ધર્મની મર્યાદાની જરૂર રહેતી નથી. છતાં યે લોકોને ધર્મ મર્યાદાનો મોંધ આપવા તેઓ હંમેશાં મર્યાદાનું પાલન કરે છે. સ્વધર્મની મર્યાદાનું પાલન કરનાર માનવી સુખી થાય છે. રામજી કદી એવું માનતા નથી કે હું સ્વતંત્ર છું. શ્રીરામ સદા પોતાને ધર્મ પરતંત્ર માને છે. એટલે રામનો પ્રત્યેક સદ્ગુણ જીવનમાં ઉતારવો એજ રામની સાચી સેવા છે. રામજી ખૂબ સરળ હતા. સજ્જન સાથે સરળ અને દુર્જન સાથે પણ તેઓ સરળ બને છે. રામરાજ્યમાં પ્રજા બહુ જ સુખી છે. રામજી બધાની ચિંતા રાખે છે. એક વાર એવું બને છેકે,એક ધોબી સીતાજીની નિંદા કરે છે.આ સાંભળી રામજી લક્ષ્મણને કહે છે કે, લક્ષ્મણ, લોકો ગમે તેમ બોલે તે મને પસંદ નથી.લોકોને એવું બોલવા કારણ ન દેવું જોઇએ. માટે લોકાચારનું પાલન કરવું એ મારી ફરજ છે. એટલે તું સીતાજીને રથમાં બેસાડી ને વનમાં મૂકી આવ. લક્ષ્મણને આ ગમતું નથી.

જ્ઞાની થવું સહેલું છે, યોગી થવું પણ સહેલું છે, પણ સેવક થવું સૌથી કઠણ છે. નહીં ગમતું કામ પણ સેવકે પ્રસન્ન મનથી કરવું પડે છે. લક્ષ્મણજીને સીતાજીને વનમાં ત્યાગ કરવાનું કામ ગમતું નથી. છતાં એમને એ કરવું પડે છે. લક્ષ્મણજી સીતાજીને વનમાં છોડી આવે છે. રામજીએ સીતાજીનો ત્યાગ કર્યો હતો. છતાં સીતાજીનાં મનમાં રામ જી માટે જરા પણ કુભાવ નહોતો. રામજીની સેવા કોણ કરશે એની જ તેઓ તો ત્યારે પણ ચિંતા કરતાં હતાં. સીતાજી વાલ્મીકિના આશ્રમમાં જાય છે,ત્યાં લવ-કુશ નો જન્મ થાય છે. ભાગવતની રચના ગંગાકિનારે થઈ છે અને રામાયણની રચના તમસા નદીના પવિત્ર કિનારે થઈ છે. રામરાજ્યમાં પ્રજાને આટલું સુખ હતું, છતાં પ્રજાએ રામસીતાના સુખનો જરા ય વિચાર નથી કર્યો. એક માત્ર વસિષ્ઠજીને આ બધું જોઈ દુઃખ થતું હતું. એટલે એમણે રામ-સીતાજીને પાછાં બોલાવી લાવવા આગ્રહ કર્યો હતો,પણ રામજીએ તેમ કરવાની ના પાડી, ત્યારે વસિષ્ઠજીએ કહ્યું કે, તમને યશનો અધિકાર નથી. યજ્ઞમાં ધર્મ પત્નીની હાજરી સાથે જોઇએ. ત્યારે રામજીએ સીતાજીની સુવર્ણ પ્રતિમા બનાવીને યજ્ઞમાં પોતાની પડખે બેસાડી. રામજીના યજ્ઞમાં વાલ્મીકિજીને પણ આમંત્રણ હતું. એટલે લવકુશ ની સાથે તેઓ પણ આવ્યા હતા. લવકુશે રામકથા કરી હતી.

રામજી જમીન ઉપર બેસીને કથા સાંભળતા હતા. રામજીએ મર્યાદાનું કથામાં પણ પાલન કર્યું હતું.લવકુશને જોઇને રામજીને બહુ પ્રેમ થાય છે અને વસ્ત્ર અને ઉપહાર આપવા તૈયાર થાય છે, ત્યારે લવકુશ કહે છે કે, અમારા ગુરુની આજ્ઞા છે કે, અમે ઋષિ બાળકો છીએ. અમારાથી ગૃહસ્થનો કોઈ લેશાન જેવું વાલ્મીકિના શિષ્યો છીએ એથી વધુ પરિચય આપવો એ ઋષિબાળકની મર્યાદા ની બહારની વાત છે. અમારાથી અમારા માતા અને પિતા કે ઘરનો પરિચય ન અપાય. રસમજીને સમગ્ર રામાયણ સાંભળવાની ઈચ્છા છે. પણ લવ કુશ કહે છે કે, અમારા ગુરુસ્તી આજ્ઞા છે કે, રાજ્યાભિષેક સુધીની જ કથા કહેવી. એટલે આગળ અમે નહીં કહી શકીએ. આશ્રમમાં આવીને લવકુશ સીતાજીને કહે છે કે, મા,આજે અમે એક મોટા રાજા ની સભામાં ગયા હતા. એમનું નામ રામ છે. એમની બાજુમાં તારા જ જેવી એક સોનાની મૂર્તિ હતી. સીતાજીને એ જાણીને આનંદ થાય છે કે, રામે મારો ત્યાગ નથી કર્યો. રામજીએ સીતાનો ત્યાગ કર્યો નથી, પણ એક રાજાએ પ્રજાને શુદ્ધ ચારિત્રત્યનો આદર્શ આપવા એક રાણીનો ત્યાગ કર્યો હતો. જીવ જ્યારે કંઈ આપે છે,ત્યારે પોતાને માટે રાખીને આપે છે. પણ શ્રીરામ આપે છે ત્યારે પોતાનું સર્વ સ્વ આપે છે એમ એમણે પોતાનું સર્વસ્વ પ્રજાહિતાર્થે દઈ દીધું હતું. મહર્ષિ વાલ્મીકિએ અયોધ્યાની પ્રજાને ઠપકો આપ્યો છે અને કહ્યું કે, જેમણે તમારા સુખ માટે આટલું કર્યું, એ રામ અને સીતાજી માટે તમને જરાય દુઃખ નથી થતું! શ્રીરામને એકલા અયોધ્યાના રાજ મહેલમાં રહેવું પડે અને સીતાજી ને મારા આશ્રમમાંએ ક્યાંનો ન્યાય છે? વાલ્મીકિ સીતાજીને કહે છે કે, બેટા, એક વખત તું મારી સાથે રામજીના દરબારમાં આવશે?

તને રામજી ખૂબ યાદ કરે છે.અને રાજ સભામાં જવાનો દિવસ પણ નક્કી થયો અને એ વાલ્મીકિ સીતાજીને લઇ ને અયોધ્યાની રાજસભામાં આવ્યા. સીતાજીની નજર જમીન ઉપર સ્થિર હતી.અયોધ્યાની પ્રજા સીતાજીનાં દર્શન કરે છે અને જય જયકાર કરે છે.ન ત્યારે સીતાજી કહે છે, મેં જો રામ સિવાય સ્વપ્ને પણ કદીબીજા કોઇનો વિચાર ન કર્યો હોય અને પતિવ્રતા ધર્મ પૂરેપૂરો પાળ્યો હોય તો હે ધરતી માતા,મને તમે તમારી ગોદમાં લઈ લો! અને એ જ ક્ષણે ધરતીમાતા સીતાજીને પોતાનામાં સમાવી લે છે. આમ સીતાજી ધરતીમાંથી પ્રગટ થયાં હતાં અને ધરતીમાં જ સમાઈ ગયાં હતાં. એક વખત વસિષ્ઠ હનુમાનજીને પૂછે છે કે, ખરેખર તમે કોણ છો? હનુમાનજી કહે છે, દેહ બુદ્ધિથી હું રામનો દાસ છું. જીવબુદ્ધિથી હું રામજીનો અંશ છું. એક ઘષ્ટિએ હું અને રામ એક છીએ. મારામાં અને રામમાં ભેદ નથી! ખરેખર ભક્ત અને ભગવાન એક જ છે. બ્રહ્મને જાણનારો બ્રહ્મથી અલગ રહી શકતો નથી. હું બ્રહ્મને જાણે તે બ્રહ્મરૂપ બને છે. રામાયણની કથા કરુણરસ પ્રધાન છે. બાળકાંડ સિવાય બધા કાંડમાં રુદન છે. રામ સિવાય બીજે આરામ ખોળે છે તે આરામને બદલે માત્ર ઉપાધિ મેળવે છે. એટલા માટે સતત રામનું ચિંતન કરવું.રામાયણમાં વાલ્મીકિ એ કેવાકેવા આદર્શ સમાજ સમક્ષ મૂક્યા છે તેનો વિચાર કરો. રામાયણમાં એક પાત્ર આદર્શ છે. પિતા આદર્શ, માતા આદર્શ,પતિ આદર્શ,પત્ની આદર્શ ભાઈ આદર્શ, ગુરુ આદર્શ, પુત્ર આદર્શ અને શત્રુ પણ આદર્શ! રાવણ જેવો શત્રુ ક્યાં મળે! રામનું સામર્થ્ય અને રામની દૈવી શક્તિ એ જાણે છે અને એને વખત આવ્યે બિરદાવે છે એ કંઈ જેવો તેવો દુશ્મન ન ગણાય. એ બતાવે છે કે, મનુષ્ય કાલાધીન છે, સ્વભાવાધીન છે. બધી ઈશ્વરની જ લીલા છે. શ્રીમદ્ રામાયણ એ શ્રીરામજીનું નામસ્વરૂપ છે. રામાયણનો એક એક કાંડ એ રામજીનું અંગ છે. બાળ કાંડ એટલે રામજીનાં ચરણ, અયોધ્યાકાંડ એટલે સાથળ, અરણ્ય કાંડ એટલે ઉંદર,કિષ્કિંધા કાંડ એટલે હૃદય, સુંદર કાંડ એટલે કંઠ,લંકાકાંડ એટલે મુખ અનેઉત્તર કાંડ એ રામજીનું મસ્તક છે. આમ શ્રીરામાયણ રામજીનું નામસ્વરૂપ હોઈ જીવ માત્રનો તે ઉદ્ધાર કરે છે. રામચંદ્રજી આ પૃથ્વી ઉપર પ્રત્યક્ષ બિરાજતા હોય ત્યારે તેઓ પોતે જીવોનો ઉદ્ધાર કરે છે પણ જ્યારે તેઓ પ્રત્યક્ષ બિરાજતા ન હોય ત્યારે રામાયણ એમનું એ કામ બજાવે છે. રામજીએ તો અમુક જીવોનો ઉદ્ધાર કરેલો પણ રામાયણે તો અસંખ્ય જીવોને પ્રભુને માર્ગે વાળ્યા છે અને જીવોનું કલ્યાણ કરે છે અને કરતું રહેશે. તેથી રામ કરતાં રામાયણ શ્રેષ્ઠ છે એમ કહીએ. અયોધ્યા કાંડનો જે પાઠ કરશે તેનું ઘર અયોધ્યા બનશે. તેના ઘરમાં ઝઘડો થશે નહીં. અયોધ્યા કાંડની ગૃહસ્થાશ્રમીઓને બહુ જરૂર છે. કલહનું મૂળ પૈસો અને પ્રતિષ્ઠા છે. અયોધ્યા કાંડ એ મૂળનો નાશ કરે છે. અયોધ્યા કાંડનું ફળ છે નિર્વૈરતા.ઘરના એક એક મનુષ્યમાં ભાગવત ભાવ રાખો. ભાછમાં જેને ભગવાન ન દેખાય તેને એક મંદિરમાં પણ ભગવાન દેખાવાના નથી.

# ૨૦૨૬ ફૂટબોલ વર્લ્ડ કપની ફાઇનલ ન્યૂયોર્ક અને ન્યૂ જર્સીના મેટલાઇફ સ્ટેડિયમમાં રમાશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।**

FIFA એ જાહેરાત કરી છે કે ૨૦૨૬ ફૂટબોલ વર્લ્ડ કપની ફાઇનલ ન્યૂયોર્ક/ન્યૂ જર્સીના મેટલાઈફ સ્ટેડિયમમાં રમાશે. ટૂર્નામેન્ટ ૧૧ જૂને મેક્સિકો સિટીના પ્રતિષ્ઠિત એઝટેકા સ્ટેડિયમમાં મેચો સાથે શરૂ થશે અને ટાઈટલ મેચ ૧૯ જુલાઈએ રમાશે. FIFA વર્લ્ડ કપ ૨૦૨૬ ૪૮ ટીમો વચ્ચે રમાશે. યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા અને મેક્સિકો ટૂર્નામેન્ટના સહ યજમાન છે.

એટલાન્ટા અને ડલ્લાસ સેમિફાઈનલની યજમાની કરશે, જ્યારે ત્રીજા સ્થાનની મેચ મિયામીમાં રમાશે. ક્વાર્ટર ફાઈનલ મેચો લોસ એન્જલસ, કેન્સાસ સિટી, મિયામી અને બોસ્ટનમાં યોજાશે. ત્રણ દેશોના કુલ ૧૬ શહેરો આ ગેમ્સની યજમાની કરશે, જેમાં મોટાભાગની મેચ યુએસએમાં યોજાશે. ૧૯૯૪નો વર્લ્ડ કપ પણ યુનાઈટેડ સ્ટેટ્સમાં યોજાયો હતો અને ફાઈનલ લોસ એન્જલસ નજીકના પાસાડેનામાં રોઝ બાઉલમાં યોજાઈ હતી. ન્યૂ યોર્કે તે ટુર્નામેન્ટમાં જૂના જાયન્ટ્સ સ્ટેડિયમમાં રમતોનું આયોજન કર્યું હતું, જેને બાદમાં મેટલાઈફ સ્ટેડિયમનો માર્ગ બનાવવા માટે તોડી પાડવામાં આવ્યો હતો. મેટલાઈફ સ્ટેડિયમનું ઉદ્ઘાટન ૨૦૧૦માં થયું હતું. નિર્ણયોની જાહેરાત ઉત્તર અમેરિકામાં લાઈવ ટીવી શોમાં કરવામાં આવી હતી જેમાં ઈન્ફેન્ટિનો કોમેડિયન અને અભિનેતા કેવિન હાર્ટ, રેપર ડ્રેક અને સેલિબ્રિટી કિમ કાર્દાશિયન સાથે જોડાયા હતા. રાઉન્ડ ઓફ ૧૬ મેચ ૪ જુલાઈથી ફિલાડેલ્ફિયામાં, સ્વતંત્રતા દિવસ પર રમાશે, જ્યાં યુએસની સ્વતંત્રતાની ઘોષણા પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. યુનાઈટેડ સ્ટેટ્સમાં મેચોની શરૂઆત ૧૨ જૂને લોસ એન્જલસના સોફી સ્ટેડિયમમાં ગ્રુપ સ્ટેજની મેચ સાથે થશે. કેનેડામાં પ્રથમ મેચ ટોરોન્ટોમાં રમાશે. વાનકુવર કેનેડામાં મેચોની યજમાની કરતું બીજું સ્થળ છે.

૨૦૨૬ ફિફા વર્લ્ડ કપમાં ટીમોની સંખ્યા ૩૨ થી વધારીને ૪૮ કરવામાં આવી હતી. મતલબ કે ૨૪ વધારાની મેચો રમાશે. કુલ ૧૦૪ મેચો ૧૬ સ્થળો પર રમાશે. ટુર્નામેન્ટમાં ચાર ટીમોના ૧૨ ગ્રુપ હશે. દરેક જૂથમાંથી ટોચની બે ટીમો અને આઠ શ્રેષ્ઠ ત્રીજા સ્થાને રહેલી ટીમો ટૂર્નામેન્ટમાં આગળ વધશે. આ પછી ટૂર્નામેન્ટ સીધી નોક-આઉટમાં પ્રવેશ કરશે. ફિફાએ કહ્યું કે ક્વોલિફિકેશન પ્રક્રિયા પૂરી થયા બાદ જ મેચના સમયપત્રકની જાહેરાત કરવામાં આવશે. ટુર્નામેન્ટ માટે ડ્રો ૨૦૨૫ ના અંત સુધીમાં આવવાની શક્યતા છે.

### ઈંગ્લેન્ડ સામે બીજી ટેસ્ટ જીત્યા બાદ ભારતીય ટીમમાં ફેરફારની શક્યતા

# ઈંગ્લેન્ડ સામે રાજકોટ ટેસ્ટમાં વિરાટ કોહલીની વાપસીની શક્યતા

## કોહલી હાલ દેશની બહાર પરિવાર સાથે સમય વિતાવી રહ્યો છે, કોહલી બીજી વખત પિતા બનવા જઈ રહ્યો છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।**

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં ભારતે ઈંગ્લેન્ડને ૧૦૬ રનથી હરાવ્યું હતું. હવે ટેસ્ટ સીરિઝની ત્રીજી મેચ ૧૫ ફેબ્રુઆરીના રોજ રાજકોટ ખાતે રમાનાર છે. જો કે ભારતીય પસંદગીકારો ત્રણ ટેસ્ટ મેચો માટે ભારતીય ટીમની જાહેરાત ટૂંક સમયમાં કરી શકે છે. આવી સ્થિતિમાં વિરાટ કોહલી વાપસી કરશે કે કેમ તે જોવું રસપ્રદ રહેશે. કોહલી હાલ દેશની બહાર પરિવાર સાથે સમય વિતાવી રહ્યો છે. કોહલી બીજી વખત પિતા બનવા જઈ રહ્યો છે, જેનો ખુલાસો એબી ડી વિલિયર્સે કર્યો હતો. આવી સ્થિતિમાં વિરાટ કોહલી વાપસી કરશે કે કેમ તે જોવું રસપ્રદ રહેશે.

બીજી ટેસ્ટ મેચ બાદ કોચ રાહુલ દ્રવિડે પણ સ્પષ્ટતા કરી નથી કે કોહલી વાપસી કરશે કે કેમ. દ્રવિડે કોહલી અંગેના સવાલને પસંદગીકારો તરફ ફેરવ્યો અને કહ્યું કે પસંદગીકારો વિરાટનો સંપર્ક કરવા જઈ રહ્યા છે અને જે પણ થશે તે માત્ર પસંદગીકારો જ તમને કહેશે. આવી સ્થિતિમાં ઓછામાં ઓછું ત્રીજી ટેસ્ટમાં કોહલીની વાપસી શક્ય નથી તેવું લાગી રહ્યું છે. પ્રથમ ટેસ્ટ મેચ દરમિયાન કે. એલ રાહુલ ઈજાગ્રસ્ત થયો હતો. જેના કારણે તે બીજી ટેસ્ટ મેચમાં ભારતીય ટીમનો ભાગ બની શક્યો ન હતો. પરંતુ હવે આશા છે કે તેની ભારતીયટીમમાં વાપસી થશે. જ્યારે રવિન્દ્ર જાડેજાને પ્રથમ ટેસ્ટ મેચ દરમિયાન હેમસ્ટ્રિંગની સમસ્યા હતી, જેના કારણે તેને બીજી ટેસ્ટમાંથી બહાર થવું પડ્યું હતું. જાડેજા વિશે કોઈ હકારાત્મક અપડેટ નથી. આવી સ્થિતિમાં જાડેજાની વાપસી મુશ્કેલ બની જશે તેવું લાગી રહ્યું છે.બીજી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડની બીજી ઈનિંગ દરમિયાન શુભમન ગિલ મેદાનમાં આવ્યો ન હતો. તેને જમણા હાથની આંગળીમાં ઈજા થઈ હતી. ગિલે ઈન્જેક્શન લીધા બાદ બેટિંગ કરી હતી પરંતુ દર્દના કારણે તે ઈંગ્લેન્ડની ઈનિંગ દરમિયાન ફિલ્ડિંગ કરવા મેદાનમાં આવી શક્યો ન હતો. તેના સ્થાને સરફરાઝને ફિલ્ડિંગ માટે મેદાનમાં મોકલવામાં આવ્યો હતો. હવે જોવાનું એ રહેશે કે તેની ઈજા વધુ ગંભીર છે કે કેમ. જો ગિલ સંપૂર્ણ રીતે ફિટ નથી તો તે ત્રીજી ટેસ્ટમાંથી બહાર થઈ શકે છે.

મળેલા અહેવાલો મુજબ બુમરાહને ત્રીજી ટેસ્ટ મેચમાંથી આરામ આપવામાં આવી શકે છે. બુમરાહે સતત બે ટેસ્ટ મેચ રમી છે અને પોતાની ઘાતક બોલિંગથી ભારતીય ટીમને મેચ જીતવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ટીમ મેનેજમેન્ટ બુમરાહને લઈને ખૂબ જ સાવચેત છે. આગળ T20 World Cup અને IPL પણ છે. આવી સ્થિતિમાં ટીમ મેનેજમેન્ટ બુમરાહને આરામ આપવા અંગે વિચારી શકે છે.

# વિનેશ ફોગટે સીનિયર રાષ્ટ્રીય કુશ્તીમાં ૫૫ કિ.ગ્રા વજનનો સુવર્ણ ચંદ્રક જીત્યો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।**

સ્ટાર મહિલા પહેલવાન વિનેશ ફોગાટે મેટ પર ધમાકેદાર એન્ટ્રી સાથે વાપસી કરી છે. એશિયન ગેમ્સની ચેમ્પિયન વિનેશ ફોગાટે ભારતીય ઓલિમ્પિક એસોસિએશન (આઈઓએ)ની એડહોક સમિતિ દ્વારા આયોજીત સીનિયર રાષ્ટ્રીય કુશ્તી ચેમ્પિયનશીપ માં ૫૫ કિલોગ્રામ વજનનો સ્વર્ણ પદક જીત્યો હતો. વિનેશે તેના અનુભવથી મધ્યપ્રદેશની જ્યોતિને ૪-૦ થી હરાવી હતી, જ્યારે આ ટોચની પહેલવાન ઊંચા વજન વર્ગમાં ભાગ લઈ રહી હતી. રેલ્વે સ્પોર્ટ્સ પ્રમોશન બોર્ડ (આરએસપીબી)નું પ્રતિનિધિત્વ કરી રહેલી ૨૯ વર્ષીય વિનેશ ફોગાટે ૨૦૧૮ જાકાર્તા એશિયાઈ રમતોમાં ૫૦ કિલોગ્રામનો સ્વર્ણ પદક જીત્યો હતો. જ્યારે ૨૦૨૨માં બર્મિંગહામ કોમનવેલ્થ ગેમ્સમાં ૫૩ કિલોગ્રામ વજન વર્ગનું ટાઈટલ જીત્યુ હતું. ઓલિમ્પિક મેડલિસ્ટ સાક્ષી મલિકે વિનેશને ગોલ્ડ મેડલ પહેરાવ્યો હતો. સાક્ષી મલિકે તેનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો. આ સિવાય એક મુકાબલામાં ૨૦૨૧ વર્લ્ડ ચેમ્પિયનશિપના રજત પદકની વિજેતા હરિયાણાની અંશુ મલિકે ૨૦૨૦ એશિયાઈ ચેમ્પિયનશિપની સ્વર્ણ પદક વિજેતા સરિતા મોર (રેલવે)નો ૫૯ કિલોગ્રામ વજન વર્ગમાં ૮-૩થી હરાવી હતી. હરિયાણાએ ૧૮૯ અંક સાથે ટાઈટલ મેળવ્યું હતું.

### સાઉથ આફ્રિકામાં એસએટી૨૦ ક્રિકેટ લીગ

# વેસ્ટ ઈન્ડિઝના સ્ટાર ક્રિકેટર ફેબિયન એલનને બંદૂકની અણીએ લૂંટી લેવાયો

**। (એજન્સી) જોહાનિસબર્ગ, તા.૬ ।**

હાલમાં સાઉથ આફ્રિકામાં એસએટી૨૦ ક્રિકેટ લીગ ચાલી રહી છે. આ લીગમાં ચાહકોને દરરોજ રોમાંચક મેચ જોવા મળી રહી છે. જો કે આ લીગ વચ્ચે એક એવી ચોંકાવનારી ઘટના બની છે જેણે બધાને હચમચાવી દીધા છે. વેસ્ટ ઈન્ડિઝના સ્ટાર ક્રિકેટર ફેબિયન એલન સાથે લૂંટની ઘટના સામે આવી છે. ફેબિયન પર બંદૂક તાણીને તેને લૂટવામાં આવ્યો હતો. આ ઘટના જોહાનિસબર્ગની છે. ટીમ હોટેલ સામે બની ઘટનાજહોનિસબર્ગમાં જ્યાં પાર્લ રોયલ્સની ટીમ રોકાઈ હતી, તેની બહાર આ ઘટના બની હતી. ફેબિયન પણ આ ટીમનો ભાગ છે. આ ઘટનાની માહિતી એસએટી૨૦ અને ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝના સૂત્રોએ આપી હતી. આ ઘટના વિશે માહિતી આપતાં ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝના એક સૂત્રએ કહ્યું કે, “ફેબિયનને આમાં કોઈ નુકસાન થયું નથી. આ સિવાય વેસ્ટ ઈન્ડિઝના પ્રતિનિધિએ આ ખેલાડીનો સંપર્ક કરીને રાહત વ્યક્ત કરી હતી.” હેડ કોચે કરી ફેબિયન સાથે વાતક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝના એક અધિકારીએ જણાવ્યું હતું કે, “અમારા હેડ કોચ આન્દ્રે કોલીએ ફેબિયન સાથે વાત કરી છે. તે ઠીક છે.” ફેબિયન સાથેની આ ઘટના બાદ એસએટી૨૦ લીગમાં ખેલાડીઓની સુરક્ષાને લઈને તણાવ વધી ગયો છે.

### ભારતે બીજી ટેસ્ટમાં ઈંગ્લેન્ડને ૧૦૬ રને હરાવ્યું

# અશ્વીનની ઈંગ્લેન્ડ સામે ૨૧ ટેસ્ટમાં ૯૭ વિકેટ, ૪૩ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો

**। (એજન્સી) વિશાખાપટ્ટનમ, તા.૬ ।**

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે વિશાખાપટ્ટનમમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં ભારતે ઈંગ્લેન્ડને ૧૦૬ રનથી હરાવ્યું હતું. ભારતીય ટીમે ઈંગ્લેન્ડને ૩૯૯ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જવાબમાં ઈંગ્લેન્ડની ટીમ માત્ર ૨૯૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતીય ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિને આ મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે બીજી ઈનિંગમાં ૩ વિકેટ ઝડપી હતી. આ સાથે તેણે ૪૫ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો હતો.અશ્વિન હવે ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનારો ભારતીય બોલર બની ગયો છે. અશ્વિને ઈંગ્લેન્ડ વિરુદ્ધ ૨૧ ટેસ્ટમાં ૯૭ વિકેટ લીધી છે. આ પહેલા ઈંગ્લેન્ડ સામે સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ ભાગવત ચંદ્રશેખરના નામે હતો. ચંદ્રશેખરે વર્ષ ૧૯૬૪થી ૧૯૭૯ વચ્ચે ઈંગ્લેન્ડ વિરુદ્ધ ૨૩ ટેસ્ટમાં ૯૫ વિકેટ લીધી હતી. અશ્વિને તેનો ૪૫ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો છે. અશ્વિને બીજી ટેસ્ટના ત્રીજા દિવસે બેન ડકેટને આઉટ કરીને આ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. ટેસ્ટ ક્રિકેટમાં અશ્વિનના નામે ૪૯૯ વિકેટ છે. જો કે તે ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટમાં તેની ૫૦૦મી વિકેટ લેવાનું ચૂકી ગયો હતો. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં આ બીજી વખત બન્યું છે કે જ્યારે કોઈ બોલરે મેચ પૂરી થયા બાદ ૪૯૯ વિકેટ ઝડપી હતી.

BOLLYWOOD NEWS FLASH

# રોની સ્ક્રુવાલા ટૂથબ્રશ બનાવીને વેચતા હતા

**। (એજન્સી) મુંબઈ, તા.૬ ।**

બોલિવૂડના દિગ્ગજ સ્ટાર્સ પાસે અઢળક પૈસા છે, જેમાં શાહરૂખ ખાન, સલમાન ખાન જેવા સુપરસ્ટાર્સનું નામ ટોચ પર છે, પરંતુ ફિલ્મ ‘સામ બહાદુર’ના નિર્માતા તેમના કરતા ઘણા અમીર છે. અમે રોની સ્ક્રુવાલા વિશે વાત કરી રહ્યા છીએ, જેમણે ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં સહજ તમામ વ્યવસાયિક શક્યતાઓ શોધી કાઢી છે. રોની સ્ક્રુવાલાએ પોતાની કારકિર્દી એક ઉદ્યોગસાહસિક તરીકે શરૂ કરી હતી. તેમણે શરૂઆતમાં ટૂથબ્રશ બનાવતી કંપનીની સ્થાપના કરી. વર્ષ ૧૯૮૧માં તેમણે મનોરંજનની દુનિયામાં પ્રવેશ કર્યો. જ્યારે ભારતમાં મનોરંજનના નામે માત્ર દૂરદર્શન હતું, ત્યારે રોની સ્ક્રુવાલાએ કેબલ ટીવી શરૂ કર્યું, જેણે સિનેમાની દુનિયાને હંમેશા માટે બદલી નાખી. રોની સ્ક્રુવાલાએ ૧૯૯૦માં યુટીવી સોફ્ટવેર કોમ્યુનિકેશનની સ્થાપના કરી, જે પાછળથી એક મોટી કંપની તરીકે ઉભરી આવી, જેમાં ફિલ્મ સ્ટુડિયો અને ગેમ સ્ટુડિયો પણ સામેલ છે.

# શાહરુખ ખાનને મળી સાઉથની મોટી ફિલ્મ ‘ટોક્સિક’

## બોલિવૂડ બાદ શાહરૂખ ખાન સાઉથની ફિલ્મોમાં પણ પોતાની એક્ટિંગ કૌશલ્ય બતાવવાની તૈયારી કરી રહ્યો છે, કિંગ ખાન ફિલ્મ ‘ટોક્સિક’માં કેમિયો રોલ કરી શકે છે

**। (એજન્સી) મુંબઈ, તા.૬ ।**


YASH
TOXIC
A FAIRY TALE FOR GROWN-UPS

સાઉથનો સુપરસ્ટાર યશ તેની આગામી ફિલ્મ ‘ટોક્સિક’થી ફરી એકવાર બોક્સ ઓફિસ પર ધૂમ મચાવવાની તૈયારી કરી રહ્યો છે. યશની **‘KGF 2’** પછી ચાહકો તેની આગામી ફિલ્મની રાહ જોઈ રહ્યા છે. યશની ફિલ્મ ‘ટોક્સિક’ની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. ફિલ્મ ‘ટોક્સિક’નું મોશન પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું હતું, જેને ઘણું પસંદ કરવામાં આવ્યું હતું. હવે આ બધાની વચ્ચે ફિલ્મ ‘ટોક્સિક’માંથી બોલિવૂડના એક સુપરસ્ટારની એન્ટ્રીના સમાચાર સામે આવી રહ્યા છે.

કહેવામાં આવી રહ્યું છે કે શાહરૂખ ખાન પણ ફિલ્મ ‘ટોક્સિક’માં જોવા મળી શકે છે. તો ચાલો જાણીએ શું છે સમગ્ર મામલો. યશની ફિલ્મ ‘ટોક્સિક’ રિલીઝ પહેલા જ ચર્ચામાં છે. ફિલ્મ ‘ટોક્સિક’ને લગતા એક પછી એક નવા અપડેટ્સ સામે આવી રહ્યા છે. આ દરમિયાન એક એવા સમાચાર સામે આવી રહ્યા છે, જે જાણીને ચાહકો ખુશીથી ઉછળી જશે. પિંકવિલાના રિપોર્ટ અનુસાર બોલિવૂડના કિંગ ખાન શાહરૂખ ખાન યશની ફિલ્મ ‘ટોક્સિક’માં એન્ટ્રી કરી શકે છે. ફિલ્મ ‘ટોક્સિક’ના મેકર્સ આ અંગે શાહરૂખ ખાન સાથે વાત કરવામાં વ્યસ્ત છે. મેકર્સ શાહરૂખ ખાનના જવાબની રાહ જોઈ રહ્યા છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે આ ફિલ્મમાં શાહરૂખ ખાન કેમિયો કરી શકે છે. હવે જોવાનું એ રહે છે કે કિંગ ખાન આ રોલ માટે હા પાડે છે કે નહીં. પરંતુ તમને જણાવી દઈએ કે હજુ સુધી આ અંગે સત્તાવાર રીતે કંઈપણ જાહેર કરવામાં આવ્યું નથી. હાલમાં મેકર્સ આ મુદ્દે સંપૂર્ણ રીતે મૌન છે. હાલમાં જ શાહરૂખ ખાન અને યશને લઈને એક અહેવાલ સામે આવ્યો હતો કે બંને સુપરસ્ટાર એક એક્શન ફિલ્મમાં સાથે જોવા મળી શકે છે. પરંતુ બાદમાં યશના નજીકના સૂત્રોએ આ સમાચારને નકારી કાઢ્યા હતા. ફિલ્મ ‘ટોક્સિક’ પહેલા શાહરૂખ ખાનનું નામ ઘણી ફિલ્મો સાથે જોડાઈ ચૂક્યું છે, પરંતુ હજુ સુધી તેમાંથી કોઈને લઈને કંઈ સ્પષ્ટ નથી. શાહરુખ ખાન અને **KGF** ફેમ યશ સાથે કામ કરતા જોવા મળી શકે છે. રિપોર્ટ્સનું માનવામાં આવે તો યશની આગામી ફિલ્મ ‘ટોક્સિક’ના મેકર્સે આ અંગે શાહરુખ ખાન સાથે સહયોગ વિશે વાત કરી હતી.

ગત વર્ષ ચોક્કસપણે શાહરુખ ખાન માટે શાનદાર વર્ષ સાબિત થયું હતું. આ સ્થિતિમાં શાહરુખ ખાનની આગામી ફિલ્મને લઈને ઘણી અટકળો ચાલી રહી છે. હાલમાં જ સમાચાર આવ્યા છે કે ‘ટોક્સિક’ના નિર્દેશક ગીતુ મોહનદાસ અને નિર્માતાઓએ ફિલ્મમાં કેમિયો માટે શાહરુખ ખાનનો સંપર્ક કર્યો છે. ફિલ્મમાં જીઈદ્દનો એક દમદાર કેમિયો ટ્રેક હશે. નિર્માતાઓને આશા છે કે, શાહરુખ આ રોલ કરવા માટે સંમત થશે. ‘ટોક્સિક’ ગેંગસ્ટર આધારિત એક્શન ફિલ્મ હશે. આ ફિલ્મમાં **KGF** ફેમ યશ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.

# All India Rankનું ટ્રેલર રિલીઝ

**। (એજન્સી) મુંબઈ, તા.૬ ।**

ફિલ્મ ઓલ ઈન્ડિયા રેક્રના નિર્માતાઓ પછી વિક્કી કૌશલે ફિલ્મ ‘ઓલ ઈન્ડિયા રેક્ર’ના ટ્રેલરને રી શેર કર્યુ છે. સોશિયલ મિડીયામાં આ ફિલ્મનું ટ્રેલર ઝડપથી વાયરલ થઈ રહ્યું છે. વિક્રાંત મેસ્સીની ૧૨મી ફેલ પછી ફરી એક કમ્પ્ટીશન એક્ઝામ પર બેસ્ટ ફિલ્મ રિલીઝ થવાની તૈયારીમાં છે. ‘ઓલ ઈન્ડિયા રેક્ર’માં આપવામાં આવતી એક્ઝામમાં ખતરનાક કમ્પ્ટીશન જોવા મળે છે. આ વિષય પર બેસ્ડ ફિલ્મ રિલીઝ થશે. ‘ઓલ ઈન્ડિયા રેક્ર’ એક એવી મુવી છે જેમાં તમને ખતરનાક કમ્પ્ટીશન જોવા મળશે. આ ફિલ્મમાં એન્જિનિયર સ્ટૂડન્ટ્સનો સંઘર્ષ જોવા મળશે. યુપીએસસી પછી આઈઆઈટી ફિલ્મનો ધમાકો થશે. ફિલ્મ ‘ઓલ ઈન્ડિયા રેક્ર’ના ટ્રેલરમાં આઈઆઈટી સીટ હાસિલ કરવાની દોડની એક ઝલક પેશ કરવામાં આવી છે. વિક્કી અને વરુણ બહુ સારા મિત્રો છે. સિરીઝ સેક્રેડ ગેમ્સ ફેમ લેખક વરુણ ગ્રોવર દ્રાર બનાવવામાં આવેલી છે.

# ૫ ડાયરેક્ટર, જેની એક પણ ફિલ્મો નથી થઈ FLOP

## દરેક ડાયરેક્ટરને એક જ આશા હોય છે કે તેની ફિલ્મો લોકોને પસંદ આવે તેમજ બોક્સ ઓફિસ પર સારો દેખાવ કરે

**। (એજન્સી) મુંબઈ, તા.૬ ।**

હિન્દી સિનેમાના દિગ્ગજ ફિલ્મ સર્જક સંજય લીલા ભણસાલીની ફિલ્મો જોવા માટે દર્શકો હંમેશા ઉત્સુક હોય છે. ફિલ્મમેકરની ફિલ્મો અલગ હોય છે. સંજય લીલા ભણસાલી દર વખતે પોતાની ફિલ્મો દ્વારા દર્શકો સમક્ષ નવા મુદ્દા અને ઈતિહાસ રજૂ કરે છે. સંજય લીલા ભણસાલીએ આજ સુધી થિયેટરમાં એક પણ ફ્લોપ ફિલ્મ આપી નથી. તેની આગામી ફિલ્મો બૈજુ બાવરા અને લવ એન્ડ વોરને પણ હિટ માનવામાં આવે છે. ડાયરેક્ટર રાજકુમાર હિરાણીએ અત્યાર સુધીમાં ૬ ફિલ્મો બનાવી છે અને તેમને જે ફિલ્મો બનાવી છે તમામ ફિલ્મો સુપરહિટ રહી છે. મુન્નાભાઈ એમબીબીએસ ફિલ્મથી લઈને તેની છેલ્લી ફિલ્મ ડંકી સુધી તેણે દર્શકોના દિલમાં ખાસ જગ્યા બનાવી છે. રાજકુમાર હિરાણીને ‘હિટ મશીન’ પણ કહેવામાં આવે છે. સાઉથ ઈન્ડસ્ટ્રીઝના ડાયરેક્ટર એસ.એસ. રાજામૌલીની ફિલ્મોએ પણ મોટા રેકોર્ડ તોડ્યા છે. એસ.એસ. રાજામૌલીએ ૧૦થી વધુ ફિલ્મોનું દિગ્દર્શન કર્યુ છે અને તેમની એક પણ ફિલ્મે લોકોને આજ સુધી નિરાશ કર્યા નથી. ડાયરેક્ટરની છેલ્લી ફિલ્મ **RRR** હતી, જે મોટી બ્લોકબસ્ટર સાબિત થઈ હતી. કરણ જોહરની ફિલ્મનો ગ્રાફ પણ ઘણો શાનદાર રહ્યો છે. કરણ જોહરે નાનપણથી જ ડિરેક્શનની કમાન પોતાના હાથમાં લીધી હતી. કરણે અત્યાર સુધીમાં ૯ ફિલ્મોનું નિર્દેશન કર્યુ છે અને તમામ ફિલ્મો સુપરહિટ રહી છે. દર્શકો હંમેશા કરણની ફિલ્મોને પસંદ કરે છે. સાઉથ ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાએ ગયા વર્ષે એનિમલ બનાવીને ઘણા રેકોર્ડ તોડ્યા હતા. તેની ફિલ્મની ચર્ચા હજુ પણ થઈ રહી છે. એનિમલે બોક્સ ઓફિસ પર ઘણી કમાણી કરી છે. તમને જણાવી દઈએ કે નિર્દેશક સંદીપ રેડ્ડી વાંગાએ અત્યાર સુધીમાં ત્રણ ફિલ્મો બનાવી છે અને ત્રણેય બ્લોકબસ્ટર રહી છે.

# સંજેલીમાં આવેલ મોલી પ્રાથમિક શાળાના બાળકોએ મીની શૈક્ષણિક પ્રવાસની મજા માણી

તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

સંજેલી તાલુકામાં આવેલ મોલી પ્રાથમિક શાળા દ્વારા તારીખ ૫ ફેબ્રુઆરીના રોજ મીની પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩ સ્થળોનો આ પ્રવાસમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. કડાણા, નંદીનાથ મહાદેવ અને ઐતિહાસિક સ્થળ માનગઢ તેમાં સૌ પ્રથમ નંદીનાથ મંદિર કડાણા ડેમ આબેહૂબ ડેમનો નજારો જોઈને બાળકોને ભૂગોળ વિષયના અમુક એકમોના પ્રત્યક્ષ અનુભવો થયા હતા. સામાજિક વિષયના બેન દ્વારા આ બાળકોને આ વિશે યોગ્ય રીતે માહિતીગાર કર્યા હતા. જળ ઊર્જાથી વિદ્યુત ઊર્જાનું નિર્માણ કઈ રીતે થાય તે જ્ઞાન સહાયક બેન દ્વારા માહિતી આપવામાં આવી હતી.

પ્રવાસનો આગળનો દોર માનગઢ ખાતે ગુરુગોવિંદ મહારાજના દર્શન કર્યા હતા. શાળાના સામાજિક વિજ્ઞાનના બહેન અને શાળાના આચાર્ય દ્વારા આ સ્થળનું મહત્વ આગવી રીતે સમજાવામાં આવ્યું હતું. આઝાદીના સમય દરમિયાન અહીં બનેલી ઘટનાઓ ને બાળકોને સાંભળી તેમનામાં એક આગવી પ્રકારની દેશ દાઝ જાગી ઊઠી હતી. સાંજે તમામ બાળકો સમયસર શાળાએ આવી પહોંચ્યા હતા અને તમામ બાળકો પ્રવાસની યાદ વાગોળતા હતા.

# વલસાડ અને પારડી તાલુકાના દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો

। (માહિતી) વલસાડ, તા.૬ ।

વલસાડ અને પારડી તાલુકાના દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો વલસાડના તિથલ રોડ સ્થિત બીઆરસી ભવન ખાતે વલસાડ અને પારડી તાલુકા સમાવિષ્ટ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સાધન સહાય વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૬૩ જેટલા દિવ્યાંગ વિદ્યાર્થીઓને ૫,૦૫,૦૦૦ જેટલી રકમના વિવિધ પ્રકારના સાધનો વિતરણ કરવામાં આવ્યા હતા. જેમાં વિવિધ પ્રકારના સાધનો જેવા કે વ્હીલચેર, સીપીચેર, એમ.આર. કીટ, હિયરીંગ એઈડ જેવા સાધનોનું લાભાર્થી વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે સાધન સહાય વિતરણ માટે એસેસમેન્ટ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ.અર્જુનભાઈ પટેલ, જિલ્લા કો-ઓર્ડીનેટર અમિતભાઈ રાવલ, બીઆરસી કો-ઓર્ડીનેટર મિતેશકુમાર અને સમગ્ર શિક્ષા આઈ.ઈ.ડી. સ્ટાફ હાજર રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત સંચાલિત રામનગરમાં આવેલી શ્રી ઠાકોરભાઈ મિસ્ત્રી પ્રાથમિક શાળા નંબર ૧૬૭ ના શિક્ષિકાબેન શ્રી વર્ષાબહેન કેશવભાઈ પ્રજાપતિ ને શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય દ્વારા શિક્ષણની સુધારણા સંદર્ભે વર્ષ ૨૦૨૩- ૨૪માં શાળા કક્ષાએ કરેલ સહ અભ્યાસિક પ્રવૃત્તિ, નાવીન્યપૂર્ણ પ્રયોગો, સામાજિક ક્ષેત્રે સહયોગીતા, શાળામાં વિષય પ્રમાણે પ્રેક્ટીકલ શિક્ષણ, બાળકો શાળામાં નિયમિત આવતા થાય તે હેતુસર ૧૦૦% હાજરી ધરાવતા વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહિત કરવા માસના અંતે સ્ટુડન્ટ ઑફ મંથ, લોકશાહીના પાઠ શીખવવા માટે પ્રેક્ટિકલ ચૂંટણી યોજવી વગેરે જેવા અનેક કાર્યોમાં ઉત્સાહભેર ભાગીદારી નોંધાવવા બદલ ક્લસ્ટર-૧ માં પ્રતિભાશાળી શિક્ષક તરીકે સન્માન કરવામાં આવ્યું.તે માટે શાળાના આચાર્ય બેન શ્રી પુણિમાબેન ચૌહાણ, સ્ટાફગણ, સી.આર.સી શ્રી અમિતભાઈ ટેલર, યુ.આર. સી. શ્રી રમેશચંદ્ર પટેલ તથા વાલા વિદ્યાર્થીઓએ શ્રી વર્ષાબેન પ્રજાપતિ ને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે.

# પીપલોદ તેજસ વિદ્યાલય ખાતે વાર્ષિક ઉત્સવ ઉજવવામાં આવ્યો

તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

તારીખ ૫ ફેબ્રુઆરી સોમવારના રોજ તેજસ વિદ્યાલય પીપલોદમા યોજાયો વાર્ષિક ઉત્સાવ જેનામાં બાળકોએ પ્રાર્થના, સ્વાગત, રામાયણ, પંજાબી, સાઉથ ઈન્ડિયન, ગરીબ બાળકો, ગરબા, આદિવાસી, ઘુમર, કપલ, પિરામિડ જેવી પ્રસ્તુતિ પેસ કરી હતી.આ બાળકોને ડાન્સની તાલીમ દાહોદના યુ-મી હાઉસના ડાન્સ ટીચર ઉમેશ મહાવર અને રજત પાલથી મળેલી હતી, વિદ્યાલયના વિદ્યાર્થીઓ અને સ્ટાફ પરિવાર બધ્ધાએ મળીને ઉત્સવ ને સફળ બનાવેલ હતો.

# પ્રધાનમંત્રી મુદ્રા યોજનાથી ધરમપુરનો શિક્ષિત બેરોજગાર યુવક બન્યો આત્મનિર્ભર, મહિને દોઢ લાખનું કરે છે ટર્ન ઓવર

। (માહિતી) સુરત, તા.૬ ।

આગામી દિવસોમાં ટર્ન ઓવર મહિને રૂ. પાંચ લાખ સુધી લઈ જવાનો યુવકે કર્યો મક્કમ નિર્ધાર ગ્રેજ્યુએટ અને એગ્રીકલ્ચર ઈન ડિપ્લોમાની ડિગ્રી મેળવી ધરમપુર તાલુકાનો આદિવાસી યુવક પણ અન્ય યુવકોની જેમ સરકારી નોકરી માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા લાગ્યો પરંતુ સફળતા ન મળતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્ટાર્ટઅપ ઈન્ડિયા અભિયાન અને દેશના યુવાનો આત્મનિર્ભર બને તે માટે પ્રધાનમંત્રી મુદ્રા યોજના વિશે વાકેફ થતા પોતાનો ધંધો ચાલુ કરવાનો વિચાર આવ્યો હતો અને તેને સાકાર કરવા માટે મુદ્રા યોજના કેવી રીતે ઉપયોગી નીવડી તે અંગેની કહાની જાણીએ ધરમપુરના કાકડકૂવા ગામના દાદરી ફળિયા ખાતે રહેતા ૨૯ વર્ષીય યુવા લાભાર્થી પ્રદિપભાઈ બાવનભાઈ પટેલના શબ્દોમાં... બી.એ. પૂર્ણ કર્યા બાદ વર્ષ ૨૦૧૮માં એગ્રીકલ્ચર ઈન ડિપ્લોમાની ડિગ્રી મેળવી વાંકલ ગામના એગ્રો સેન્ટરમાં ૨ વર્ષ નોકરી કરી હતી પરંતુ પગાર ઓછો હતો જેથી મે સરકારી નોકરી મેળવવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી શરૂ કરી હતી, થોડા વર્ષો સુધી કેટલીક પરીક્ષાઓ આપી હતી પરંતુ નંબર ન લાગ્યો. કારણ કે, સરકારી નોકરીની એક જગ્યા સામે દશ હજારથી પણ વધુ ઉમેદવારો મેદાનમાં હોય છે. આ દરમિયાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્ટાર્ટઅપ અભિયાન વિશે માહિતી મળી જેમાં ''નોકરી શોધવા (જોબ સીકર્સ) ને બદલે નોકરી આપનાર (જોબ ગીવર્સ) બનીએ'' એ વાતથી મને પ્રેરણા મળી જેથી મેં મનોમન સ્ટાર્ટઅપ શરૂ કરવાનું વિચાર્યુ હતું. અમારા વિસ્તારમાં ખેતીવાડીનું પ્રમાણ વધુ હોવાથી એગ્રીકલ્ચરને લગતી પ્રોડક્ટ અંગે સ્ટાર્ટઅપ કરવાનું નક્કી કરી રૂ. ૧૫ લાખની દુકાન ખરીદી. જે બચત હતી તે દુકાન ખરીદીમાં ખર્ચાઈ જતા બિઝનેસ ચાલુ કરવા માટે પૈસાની તંગી પડી હતી.

# સમગ્ર તાપી જિલ્લાના ગામોમાં પાણી પુરવઠાની વિવિધ યોજનાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી

। (માહિતી) તાપી, તા.૬ ।

સમગ્ર તાપી જિલ્લાના ગામોમાં પાણી પુરવઠાની વિવિધ યોજનાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી - વાલોડ તાલુકાના કણજોડ ગામના તમામ ફળિયામાં ૧૦૦ ટકા નળ કનેકશન - માહિતી બ્યુરો, તાપી. તા.૦૫: તાપી જિલ્લામાં પાણી પુરવઠા વિભાગના માધ્યમથી એક નવા તંત્રના નિર્માણ સાથે, અસરકારક રીતે પીવાના પાણીની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સમગ્ર તાપી જિલ્લાના ગામોમાં પાણી પુરવઠાની વિવિધ યોજનાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ઉપરાંત વાલોડ તાલુકામાં ભીમપોર પટેલ ફળિયું, ઝઘડિયા ફળીયું, ડુંગરી ફળીયું, નિશાળ ફળીયું અને ખોખરી ફળિયું આમ ૫ ફળિયા આવેલા છે. આ તમામ ફળિયામાં ૩૭૫ જેટલા ઘરો અને ગામમા ૧૪૩૮ની વસ્તી છે. જેના તમામ નાગરિકોને વાસ્મો દ્વારા નળ સે જળ યોજના હેઠળ પીવાના પાણીની લાઈનના નળ કનેકશન કરવામાં આવ્યા છે.

જેથી ગ્રામજોનોની પીવાના પાણીની સમસ્યા દુર કરવામાં આવી છે.એમ તાલુકા વિકાસ અધિકારીશ્રી વાલોડ દ્વારા જણાવાયું છે. નોંધનિય છે કે,તાપી જીલ્લાના કુલ.૨૧૨૪૮૯ ઘરો ગુજરાત સરકારના પાણી પુરવઠા વિભાગ દ્વારા ''નલ સે જલ'' યોજના હેઠળ વર્ષ- ૨૦૨૨ અંતિત ૧૦૦% નળ જોડાણના આપેલ લક્ષ્યાંકને પૂર્ણ કરવામાં આવેલ છે.

### આણંદના તાલુકાના ચિખોદરા ખાતે

# ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત કાયદાકીય માર્ગદર્શન સેમિનાર યોજાયો

। (માહિતી) આણંદ, તા.૬ ।

કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા પ્રેરિત તથા આણંદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત કાયદાકીય માર્ગદર્શન સેમિનારનું જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી ફરજાનાબાનુ ખાનના માર્ગદર્શન હેઠળ આણંદ તાલુકાના ચિખોદરા ગ્રામ પંચાયતના હોલ ખાતે આયોજન કરવામાં આવ્યુ હતું.

આ સેમિનારમાં ઘરેલું હિંસા અધિનિયમ - ૨૦૦૫ અંતર્ગત ઘરેલું હિંસા કોને કેહવામાં આવે છે?, આ કાયદા હેઠળ કોણ મદદ કરી શકે? કાયદા હેઠળ પીડિત મહિલાને સુરક્ષા, રેહઠાણ, નાણાકીય રાહત અને ભરણ પોષણ, બાળકનો કબજો, વળતર અને વચગાળાનાં હુકમ તથા કામકાજના સ્થળે થતી જાતીય સતામણી કાયદા તથા દહેજ પ્રતિબંધક અધિનિયમ-૧૯૬૧ અંગે અંગે વિસ્તૃત સમજ પૂરી પાડી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આણંદ જિલ્લામાં કાર્યરત મહિલાલક્ષી વિવિધ હેલ્પસેન્ટ ૨ પૈકી પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર, ''સખી'' વન સ્ટોપ સેન્ટર, શક્તિ સદન(સ્વધાર ગૃહ), વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર વિશે જાણકારી આપવાની સાથે ''બેટી બચાવો, બેટી પઢાવો યોજના'', ૧૮૧ અભયમ હેલ્પલાઈન તથા સંકટ સખી એપ્લિકેશન દ્વારા ડાઉનલોડ કરાવવામાં આવી હતી.

# ૧૦મીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે સુરતની તમામ વિધાનસભાઓમાં નિર્મિત પી.એમ.આવાસો, BLC આવાસોના ઈ-લોકાર્પણ અને ઈ-ગૃહપ્રવેશ

। (માહિતી) બનાસકાંઠા, તા.૬ ।

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રાજયભરમાં નિર્માણ કરાયેલા એક લાખથી વધુ પી.એમ.આવાસો તેમજ લાભાર્થીઓ દ્વારા નિર્મિત BLC આવાસોનું આગામી તા.૧૦મી ફેબ્રુઆરીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે બનાસકાંઠાના ડિસાથી ઈ-લોકાર્પણ કરવામાં આવશે. જેના ભાગરૂપે સુરતની ૧૬ વિધાનસભાઓમાં પણ આવાસોના ઈ-લોકાર્પણ અને ઈ-ગૃહપ્રવેશ કાર્યક્રમ યોજાશે. જેના આયોજન માટે વન, પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલ અને આદિજાતિ આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર રાજયમંત્રી કુંવરજીભાઈ હળપતિની ઉપસ્થિતિમાં જિલ્લા સેવા સદનના સભાગૃહમાં વિવિધ વિભાગોના અધિકારીઓ, સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. બેઠકમાં વનમંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું કે, રાજ્યના તમામ ૧૮૨ વિધાનસભા મતક્ષેત્રમાં કાર્યક્રમના જીવંત પ્રસારણ, આવાસોનું ઈ-લોકાર્પણ અને ઈ-ગૃહપ્રવેશ, લાભાર્થીઓની હાજરીમાં આવાસોની ચાવી સોંપણીના કાર્યક્રમો યોજાશે. સુરતની તમામ વિધાનસભા દીઠ એક ઈ-લોકાર્પણ કાર્યક્રમ યોજી પૂર્ણ થયેલા આવાસોનું લોકાર્પણ કરવામાં આવશે. સુરતની ૧૬ વિધાનસભામાં ૫-૫ હજાર નાગરિકો સહિત લાભાર્થીઓને ઉપસ્થિત રહેશે. આદિજાતિ રાજયમંત્રી કુંવરજીભાઈ હળપતિએ સંબંધિત વિભાગોના અમલીકરણ અધિકારીઓને આપી કાર્યક્રમોના આયોજન અંગે જરૂરી સૂચના-દિશાનિર્દેશો આપ્યા હતા. બેઠકમાં ધારાસભ્ય સર્વશ્રી ઈશ્વર પરમાર, સંદીપ દેસાઈ, અરવિંદ રાણા, પ્રવીણ ઘોઘારી, કાંતિ બલર, સંગીતા પાટીલ, મનુ પટેલ, મેયર દક્ષેશ માવાણી, જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ, નિવાસી અધિક કલેકટર વિજય રબારી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એમ.બી. પ્રજાપતિ, જિલ્લા પોલીસ વડા હિતેશ જોઈસર, સિટી પ્રાંત અધિકારી વિક્રમ ભંડારી સહિત મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ અને સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શાળા સલામતિ સપ્તાહ અંતર્ગત ભરૂચ જિલ્લાની વિવિધ શાળાઓમાં આપત્તિ વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન અને ડેમોસ્ટ્રેશન કાર્યક્રમનું આયોજન કરાયું

। (માહિતી) સુરત, તા.૬ ।

શાળા સલામતિ સપ્તાહ અંતર્ગત ભરૂચ જિલ્લાની વિવિધ શાળાઓમાં આપત્તિ વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન અને ડેમોસ્ટ્રેશન કાર્યક્રમનું આયોજન કરાયું ગુજરાત સરકારશ્રી ધ્વારા આયોજિત શાળા સલામતિ સપ્તાહ-૨૦૨૪ ની ઉજવણી કરવામાં આવી રહી છે. ભરૂચ જિલ્લાના વિવિધ તાલુકામાંઆવેલી ૫૦ થી વધુ પ્રાથમિક શાળાઓમાં આપત્તિ દરમ્યાન બચાવ પ્રયુક્તિ અન્વયે વિદ્યાર્થીઓમાં યોગ્ય સમજ કેળવાય તેવા હેતુસર વિવિધ પ્રકારની પ્રવૃતિઓ તેમજ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતુ.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. તમારા શોખ પોષવા તથા તમારા પરિવારના સભ્યોને મદદ કરવા માટે પણ તમે તમારો થોડો સમય ખર્ચી શકો છો. આજે તમે ડૅટ પર જવાના હો તો,વિવાદાસ્પદ મુદ્દા ઊભા કરવાનું ટાળો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. પત્ની સાથે સંબંધો સુમેળભર્યા બનાવવા માટે સારો દિવસ. પરિવારમાંના બંને જણ તેમના સંબંધમાં પ્રેમ અને વિશ્વાસ પ્રત્યે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ હોવા જોઈએ. હકારાત્મક રીતે સંવાદ સાધી જવાબદારી ઉપાડવા કટિબદ્ધ હોવા જોઈએ.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. આજે તમે નવા જોમ તથા ઉત્સાહ સાથે બહાર નીકળશો કેમ કે તમને તમારા પરિવારના સભ્યો તથા મિત્રો તરફથી સહકાર મળશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. એકાએક થયેલો રૉમેન્ટક મેળાપ તમને મૂંઝવી નાખશે. આજનો દિવસ તમારી આસપાસ ગુલાબની સુગંધ લાવશે. પ્રેમના અતિઆનંદને માણો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમે કોઈ બાબતે ચુકાદો આપતા હો ત્યારે સામેની વ્યક્તિની લાગણીઓની ખાસ દરકાર લો. તમારા દ્વારા લેવામાં આવેલો કોઈ ખોટો નિર્ણય નમાત્ર તેમના પર અવળી અસર કરશે બલ્કે તમને પણ માનસિક તાણ આપશે. આ રાશિ ના અમુક લોકો ને ભૂમિ સંબંધિત બાબતો માં ધન ખર્ચ કરવું પડી શકે છે. તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તબિયતના મોરચે છોડીક દરકારની જરૂર છે. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. આજે તમે પ્રેમાળ મૂડમા હશો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમને જો એમ લાગતું હોય કે તમે વધુ પડતા તાણગ્રસ્ત થઈ ગયા છો- તો બાળકો સાથે વધુ સમય વિતાવો-તેમનું ઉષ્માભર્યુ આલિંગન અથવા તેમનું નિર્દોષ સ્મિત તમને તમારી તકલીફોમાંથી બહાર કાઢશે. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો? બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે. તમે સહકાર ન આપો તો કોઈ તમારી સાથે ઝઘડી જ શકે નહીં. આજે કોઈક તમારા પ્રેમની વચ્ચે આવી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દૃઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. ઘરને લગતા કેટલાક મુદ્દાઓ પર તરત ધ્યયાન આપવાની જરૂર છે. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે.

**ન્યૂઝ બ્રિફ**

## મુસ્લિમમાં દત્તક બાળકને પણ સંપત્તીમાં સંપૂર્ણ અધિકાર

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।**

દિલ્હીની એક કોર્ટે મુસ્લિમ પરિવારમાં બાળકને દત્તક લેવા પર અને સંપત્તિ પર તેના અધિકાર અંગે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. વિભાજનના એક કેસને ફગાવી દેતા કોર્ટે કહ્યું કે, મુસ્લિમ સમુદાયની કોઈપણ વ્યક્તિ શરિયત એક્ટ હેઠળ કોઈ પણ ઘોષણા કર્યા વિના બાળકને દત્તક લઈ શકે છે અને તે બાળકનો સંપત્તિ પર સંપૂર્ણ અધિકાર રહેશે. એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ પ્રવીણ સિંહે નિર્ણય સંભળાવવા દરમિયાન કહ્યું કે, આવું કોઈપણ બાળકને દત્તક લેવું સામાન્ય કાયદા દ્વારા માન્ય ગણાશે નહીં કે મુસ્લિમ પર્સનલ લો અથવા શરિયત કાયદા દ્વારા નહીં. એક અહેવાલ પ્રમાણે કોર્ટ દ્વારા કહેવામાં આવ્યું કે, આ બાળક દત્તક લેનારા માતા-પિતાનું કાયદેસર બાળક બની જશે. જિલ્લા અદાલત મૃતક મુસ્લિમ વ્યક્તિ ઝમીર અહેમદના ભાઈ ઈકબાલ અહેમદ દ્વારા દાખલ કરવામાં આવેલ વિભાજનના કેસની સુનાવણી કરી રહી હતી. ઝમીરે એક પુત્ર દત્તક લીધો હતો પરંતુ ઈકબાલનું કહેવું છે કે, શરિયતના કાયદા પ્રમાણે તેના ભાઈનો કોઈ પુત્ર નથી. આવી સ્થિતિમાં સંપત્તિ પર તેના લોહીના સબંધો વાળા પરિવારનો સંપત્તિ પર અધિકાર હોવો જોઈએ. તેણે મુસ્લિમ પર્સનલ લો મુજબ કેસનો ઉકેલ લાવવાની માંગણી કરી હતી પરંતુ કોર્ટે ઈકબાલ અહેમદની માંગ ફગાવી દીધી અને કેસને પતાવી દીધો હતો. ઝમીર અહેમદ અને પત્ની ગુલઝારો બેગમે મુસ્લિમ પર્સનલ લો હેઠળ કોઈ પણ ઘોષણા કર્યા વિના જ અબ્દુલ સમદ ઉર્ફે સમીર નામના પુત્રને દત્તક લીધો હતો.

ગોવામાં વિકસીત ભારત, વિકસીત ગોવા ૨૦૪૭ પ્રોગ્રામમાં પ્રદર્શનની મુલાકાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી.

### બીપીસીએલ૬% મજબૂત, પાવર ગ્રીડ ૩% ઘટ્યો

## સેન્સેક્સમાં ૪૮૭ અને નિફ્ટીમાં ૧૬૭ પોઈન્ટનો વધારો નોંધાયો

### અદાણી વિલ્મરના શેરમાં સૌથી ઓછો વધારો થયો હતો જ્યારે અદાણી ગ્રીન એનર્જી સૌથી વધુ ઉછાળો નોંધાયો હતો

**। (એજન્સી) મુંબઈ, તા.૬ ।**

શેરબજારનો કારોબાર મંગળવારે સારી ગતિ સાથે સમાપ્ત થયો. મ્જીઈ સેન્સેક્સ ૪૮૭ પોઈન્ટ ઉછળીને ૭૨૨૧૯ પોઈન્ટના સ્તરે બંધ થયો છે, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૬૭ પોઈન્ટના વધારા સાથે ૨૧૯૩૮ પોઈન્ટના સ્તરે બંધ થવામાં સફળ રહ્યો છે. મંગળવારના ટ્રેડિંગમાં, નિફ્ટી મિડ કેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ અને નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં બમ્પર વધારો નોંધાયો છે, જ્યારે નિફ્ટી બેંક ઈન્ડેક્સ થોડી નબળાઈ સાથે બંધ થયો છે. નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સમાં પણ થોડી નબળાઈ નોંધાઈ હતી જ્યારે નિફ્ટી ફાઈનાન્સિયલ સર્વિસિસ, નિફ્ટી ફાર્મા અને નિફ્ટી ઓટો ઈન્ડેક્સ પણ ઉછાળા સાથે બંધ થવામાં સફળ રહ્યા હતા.મંગળવારે શેરબજારના કામકાજમાં સારી ગતિ જોવા મળી હતી અને બીપીસીએલ, એચડીએફસીલાઈફ, એચસીએલટેક, ટીસીએસ, મારુતિ સુઝુકી, વિપ્રો, ઓએનજીસી, એસબીઆઈલાઈફ અને આઈસીઆઈસીઆઈપ્રુડેન્શિયલના શેરમાં બમ્પર વૃદ્ધિ નોંધાઈ રહી હતી.

### અમેરિકામાં રહેતા ભારતીયો માટે એક ગૂડ ન્યૂઝ

## યુએસમાં વસતા ભારતીયો તેમના સંતાનો અને જીવનસાથી સાથે જ કામ કરી શકશે

### એચ-૧બી વિઝાધારકોના જીવનસાથીઓને અમેરિકામાં રોજગારીના અધિકારો તથા તેમના સંતાનોના અધિકારોની સુરક્ષા કરવાની જોગવાઈ કરવામાં આવી

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।**

અમેરિકામાં રહેતા ભારતીયો માટે એક ગૂડ ન્યૂઝ છે. તાજેતરના અહેવાલો અનુસાર અમેરિકામાં વસતાં ભારતીયો તેમના સંતાનો અને જીવનસાથી સાથે અમેરિકામાં જ કામ કરી શકશે. જેના માટે રાષ્ટ્રપતિ બાઈડનની સરકારે મોટો નિર્ણય કર્યો છે. માહિતી અનુસાર અમેરિકી સેનેટમાં રિપબ્લિકન તથા ડેમોક્રેટ્સ વચ્ચે લાંબી ચર્ચા વિચારણાં બાદ નેશનલ સિક્યોરિટી એગ્રિમેન્ટ નામે એક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો. જે મુજબ એચ-૧બીવિઝાધારકોના જીવનસાથીઓને અમેરિકામાં રોજગારીના અધિકારો તથા તેમના સંતાનોના અધિકારોની સુરક્ષા કરવાની જોગવાઈ કરવામાં આવી છે. જો આ પ્રસ્તાવ મંજૂર થશે તો લગભગ ૧ લાખ એચ-૪ વિઝા ધારકોને તેનો લાભ મળશે જેઓ અમેરિકામાં કામ કરી શકશે. ઉલ્લેખનીય છે કે એચ-૧બીવિઝાધારકોના જીવનસાથી કે સંતાનોને જ એચ-૪ વિઝા આપવામાં આવે છે.

## BAPSના મહંત સ્વામી મહારાજ અબુ ધાબી પહોંચ્યા

### તેની ઊંચાઈ ૧૦૮ ફૂટ છે, જેમાં ૪૦ હજાર ક્યુબિક મીટર માર્બલ અને ૧૮૦ હજાર ઘન મીટર સેન્ડસ્ટોનનો સમાવેશ થાય છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।**

બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બીએપીએસ)ના વડા મહંત સ્વામી મહારાજ અબુ ધાબી પહોંચ્યા હતા. બીએપીએસ સંસ્થાએ જણાવ્યું હતું કે મહંત સ્વામી મહારાજ સ્ટેટ ગેસ્ટ તરીકે અબુ ધાબી પહોંચ્યા હતા. તેઓ યુએઈના પ્રથમ હિંદુ મંદિરનું ઉદ્ઘાટન કરશે. અરબી શૈલીમાં તેમનું અહી સ્વાગત કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે સંયુક્ત આરબ અમીરાતની રાજધાની અબુધાબીમાં પ્રથમ પરંપરાગત હિન્દુ મંદિરનું ઉદ્ઘાટન કરાશે. BAPS સંસ્થાનું મંદિર UAEનું સૌથી મોટું મંદિર હશે. આ મંદિર ખૂબ જ સુંદર છે અને પથ્થરોમાંથી બનેલા આ મંદિર પર ખૂબ જ સારી કોતરણી પણ કરવામાં આવી છે. આ મંદિરનું ઉદ્ઘાટન ૧૪મી ફેબ્રુઆરીએ થવા જઈ રહ્યું છે, જેમાં BAPS સ્વામિનારાયણ સંસ્થાના વર્તમાન આધ્યાત્મિક ગુરુ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહેશે. આ મંદિર ૧૮ ફેબ્રુઆરીથી સામાન્ય લોકો માટે ખોલવામાં આવશે. હાલમાં જ આ મંદિરની તસવીરો સામે આવી છે જે ખૂબ જ સુંદર છે. UAEમાં બનેલા હિન્દુ મંદિરનું નામ BAPS હિન્દુ મંદિર છે, જેનું નિર્માણ સ્વામિનારાયણ સંસ્થા BAPS દ્વારા કરવામાં આવ્યું છે. આ મંદિર ૨૭ એકર જમીન પર બનેલું છે, જે UAEના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન દ્વારા દાનમાં આપવામાં આવી હતી. UAEમાં બની રહેલા મંદિરનું કામ પૂર્ણ થઈ ગયું છે, આ મંદિરની ડિઝાઈન વર્ષ ૨૦૧૮માં બનાવવામાં આવી હતી અને વર્ષ ૨૦૧૯માં તેનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. આ મંદિર ભારતના કારીગરો દ્વારા બનાવવામાં આવ્યું છે. તેની ઊંચાઈ ૧૦૮ ફૂટ છે, જેમાં ૪૦ હજાર ક્યુબિક મીટર માર્બલ અને ૧૮૦ હજાર ઘન મીટર સેન્ડસ્ટોનનો સમાવેશ થાય છે. આ મંદિર બનાવવા માટે વૈદિક સ્થાપત્યનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મંદિરમાં પ્રવેશતા જ સૌ પ્રથમ ધ્યાન આકર્ષિત કરે છે તે સાત અમીરાતની રેતીમાંથી બનાવેલ પ્રભાવશાળી ટેકરાની રચના છે. મંદિરમાં આવવાની સાથે સાથે એક ખૂબ જ આકર્ષક ધોધ પણ બનાવવામાં આવ્યો છે, જે પવિત્ર ભારતીય નદીઓ ગંગા, યમુના અને સરસ્વતીનું પ્રતિનિધિત્વ કરે છે. મંદિરની અંદરની પથ્થરની કોતરણી ભારતીય મહાકાવ્યો રામાયણ અને મહાભારત અને હિંદુ ગ્રંથો અને પૌરાણિક કથાઓની મહત્વપૂર્ણ ક્ષણો દર્શાવે છે. મંદિરની અંદરની કલાકૃતિ જોવાલાયક છે. મંદિરમાં બે ભવ્ય ગુંબજ બનાવવામાં આવ્યા છે. જેને ’સદભાવનાનો ગુંબજ અને શાંતિનો ગુંબજ કહેવામાં આવે છે. આ મંદિરમાં સ્વામિનારાયણ, રામ, સીતા, કૃષ્ણ અને અયપ્પન સહિત હિન્દુ દેવતાઓની સ્થાપના કરવામાં આવશે. તેમાં સાત શિખરો બનાવવામાં આવ્યા છે. મંદિરમાં વપરાયેલ પથ્થરોની કોતરણી પર હિન્દુ મંદિરની ઝલક જોવા મળે છે.

## અમેરિકી સરકારે ભારતીયો માટે ગ્રીન કાર્ડ મેળવવાને લઈને નિર્ણય કર્યો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।**

અમેરિકી સંસદમાં ભારતીય ઈમિગ્રેન્ટસને લઈ એક મહત્વનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે. નેશનલ સિક્યોરિટી એગ્રીમેન્ટ નામના આ પ્રસ્તાવ હેઠળ H1B વિઝા ધારકોના પાર્ટનર્સને અમેરિકામાં રોજગારનો અધિકાર અને તેમના પુખ્ત બાળકોના અધિકારોનું રક્ષણ કરવાની જોગવાઈ છે. જો કે H1B વિઝા ધારકોના પાર્ટનર અને બાળકોને ઉઁ૪ વિઝા ઈશ્યુ કરવામાં આવે છે. માનવામાં આવી રહ્યું છે કે આ શ્રેણીમાં ૧ લાખ H4 વિઝાધારક છે, જેને આ એગ્રીમેન્ટથી ફાયદો થવાની અપેક્ષા છે. અમેરિકી સીનેટમાં રિપબ્લિકન અને ડેમોક્રેટિક નેતૃત્વની વચ્ચે લાંબી વાતચીત બાદ રવિવારે નેશનલ સિક્યોરિટી એગ્રીમેન્ટ રજૂ કરવામાં આવ્યુ. અમેરિકી સરકારનો આ પ્રસ્તાવ તે હજારો ભારતીય ટેક પ્રોફેશનલ્સ માટે રાહતના સમાચાર છે, જે લાંબા સમયથી ગ્રીન કાર્ડ મેળવવાની રાહ જોઈ રહ્યા છે. ગ્રીન કાર્ડ ના મળવાના કારણે H1B વિઝાધારકોના પાર્ટનર અમેરિકામાં કામ કરી શકતા નથી અને તેમના બાળકો પર ડિપોર્ટેશનનો ખતરો સતત રહે છે. જણાવી દઈએ કે ગ્રીન કાર્ડને અમેરિકામાં સત્તાવાર રીતે સ્થાયી નિવાસ કાર્ડ તરીકે માનવામાં આવે છે. આ અમેરિકામાં પ્રવાસીઓને ઈશ્યુ કરી આપવામાં આવતો દસ્તાવેજ છે, જેની હેઠળ વિઝાધારકને સ્થાયી રીતે રહેવાનો અધિકાર આપવામાં આવે છે. ગ્રીન કાર્ડ ઈશ્યુ કરવા માટે પ્રતિ દેશ મુજબ એક સીમા નક્કી હોય છે. આ પગલા પર રાષ્ટ્રપતિ જો બાઈડેને કહ્યું કે ખુબ જ લાંબા સમયથી દાયકાઓથી ઈમિગ્રેશન સિસ્ટમ વિખરાયેલી છે. અમારા દેશના મૂલ્યોને સંરક્ષિત રાખતા દેશ સુરક્ષિત થશે, સરહદો સુરક્ષિત થશે, લોકોની સાથે નિષ્પક્ષતાથી વ્યવહાર થશે. નેશનલ સિક્યોરિટી એગ્રીમેન્ટ ૧૧૮.૨૮ અરબ ડોલરનું એક પેકેજ છે, જેની જાહેરાત રવિવારે કરવામાં આવી. આ એગ્રીમેન્ટ હેઠળ સરહદની સુરક્ષા, ઈઝરાયેલ અને યુક્રેન યુદ્ધમાં મદદ કરવાની સાથે સાથે ઈમિગ્રેશનથી જોડાયેલી જોગવાઈ પણ સામેલ છે, જેનાથી ઈમિગ્રેન્ટસ વિશેષ રીતે ભારતીય સમુદાયના લોકોને ખુબ જ લાભ થશે. આ બિલમાં H1B વિઝાધારકોના પુખ્ત બાળકોને સુરક્ષિત કરવા, આ શ્રેણીના વિઝાધારકોના પાર્ટનરને રોજગારનો અધિકાર આપવા અને ગ્રીન કાર્ડ કોટાને વધારવાની માગ કરવામાં આવી છે. નિષ્ણાંતોનું કહેવુ છે કે એવા આસાર જોવા મળી રહ્યા છે કે આ બિલ સંસદના બંને ગૃહમાંથી પાસ થઈ જશે. તેની સાથે જ ભારતીયય અમેરિકી ઈમિગ્રેન્ટસના બાળકોને પણ લાભ મળશે. આ બિલ હેઠળ લાંબા સમય માટે એચ૧બી વિઝાધારકોના બાળકોને સંરક્ષણ મળશે. તેની હેઠળ આગામી ૫ વર્ષ સુધી દર વર્ષે ૧૮૦૦૦ લોકોને રોજગાર આધારિત ગ્રીન કાર્ડ મળશે. H1B વિઝા એક નોન-ઈમિગ્રન્ટ વિઝા છે. H1B વિઝા સામાન્ય રીતે તે લોકોને આપવામાં આવે છે, જે અમેરિકામાં કામ કરવા માટે આવે છે.

## બ્રિટનના રાજા ચાર્લ્સ III ને થયું કેન્સર, પેલેસે આપી જાણકારી

**। નવી દિલ્હી, તા.૬ ।**

બ્રિટનના રાજા ચાર્લ્સ આ દિવસોમાં એક પ્રકારના કેન્સરથી પીડિત છે. બકિંગહામ પેલેસે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે ૭૫ વર્ષીય રાજા ચાર્લ્સને તાજેતરમાં પ્રોસ્ટેટની વૃદ્ધિની સારવારને કારણે કેન્સર હોવાનું નિદાન થયું હતું. જો કે, આ પ્રોસ્ટેટ કેન્સર નથી. નિવેદનમાં એ વાતનો ખુલાસો થયો નથી કે રાજા ચાર્લ્સ III કયા કેન્સરથી પીડિત છે. બકિંગહામ પેલેસે જણાવ્યું કે સોમવારથી તેની નિયમિત સારવાર શરૂ થઈ. બકિંગહામ પેલેસ કહે છે કે કિંગ ચાર્લ્સ III તેમની સારવાર વિશે સંપૂર્ણપણે હકારાત્મક છે.

**વિશેષ**

### કપડવંજના થવાદ ગામના બે ખેડૂતભાઈઓ દ્વારા 3.૮3 હેક્ટર જમીનમાં અલ્ટ્રા હાઈડેન્સિટી પદ્ધતિ થી ૪,૮૦૦ આંબાનું વાવેતર કરવામાં આવ્યું

# ખેડા જિલ્લામાં સૌપ્રથમવાર અલ્ટ્રા હાઈડેન્સિટી પદ્ધતિથી આંબા અને આંતરપાક તરીકે એકઝોટીક વેજીટેબલનું વાવેતર

### આંબા અને આંતરપાક શાકભાજી વાવેતર તેમજ સ્વયં-સંચાલિત બાગાયત મશીનરી માટે બાગાયત ખાતા તરફથી ખેડૂતને રૂ. ૨.૩૫ લાખની સહાય આપવામાં આવી

**। (માહિતી) નડિયાદ ।**

સંચાર, સરકારી સહાય અને તકનિકીના ઉપયોગથી આજે ખેતીમાં અવનવા પ્રયોગો શરૂ થયા છે. આજનો ખેડૂત ફક્ત તેના ગામની ચાર દિશાઓથી સીમિત ન રહેતાં દેશ પરદેશમા ફરીને ખેતી વિષયક બાબતોની નવી જાણકારી મેળવે છે. આવો જ એક નવતર પ્રયોગ ખેડા જિલ્લાના કપડવંજના બે સગા ખેડૂતભાઈઓ, શ્રી હરીશ પટેલ અને તેમના મોટા ભાઈ શ્રી અમૃત પટેલ દ્વારા શરૂ કરવામાં આવ્યો છે. આ ખેડૂત ભાઈઓએ તેમના વતન થવાદ ગામ ખાતેના ખેતરમાં ૩.૮૩ હેકટર જમીનમા અલ્ટ્રા હાઈડેન્સિટી પદ્ધતિ અને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીની મદદથી ૪,૮૦૦ આંબા અને આંતરપાક તરીકે એકઝોટીક વેજીટેબલનું વાવેતર કર્યું છે. જેમાં તેમને બાગાયત વિભાગ, નડિયાદ દ્વારા ફળ પાક ઉત્પાદકતા વધારવા કાર્યક્રમ અંતર્ગત અને સ્વયં-સંચાલિત બાગાયત મશીનરી માટે રૂ.૨.૩૫ લાખની સહાય આપવામાં આવી છે.

ફળ પાક ઉત્પાદકતા સહાયના લાભ વિશે જણાવતાં મદદનીશ બાગાયત નિયામક શ્રી જૈમિન પટેલ જણાવે છે કે આ યોજના અંતર્ગત આંબા, જામફળ, તથા કેળ ટીસ્યુ ફળ પ્લાન્ટેશન માટે બાગાયત ખાતા દ્વારા સબસિડી આપવામાં આવે છે. જેમાં ખેડૂતને આંબા પાક માટે એક રોપા દીઠ સો

રૂપિયા અથવા કુલ વાવેલા રોપાના ૫૦% સબસિડી મહત્તમ રૂ.૪૦૦૦૦/હે. અને બગાયાતી આંતરપાક વાવેતર માટે રૂ.૧૦૦૦૦/હે. સહાય મળવાપાત્ર છે.

**અલ્ટ્રા હાઈડેન્સિટી અને આંતરપાક વાવતેર શું છે?**

અલ્ટ્રા હાઈડેન્સિટી વાવેતર દ્વારા ખેતીની જમીનની ઊભી અને આડી જગ્યાનો શ્રેષ્ઠ ઉપયોગ કરી મહત્તમ સંભવિત વળતર મેળવવામાં આવે છે. જેમાં વાવેલા છોડની ઊંચાઈ, પહોળાઈ અને ફ્રુટ બેરીંગની ક્ષમતાને વિકસાવી શકાય છે. આંબાના વાવેતરમાં આ પદ્ધતિનો ફાયદો જણાવતા ખેડૂત શ્રી હરીશ પટેલ જણાવે છે કે જૂની પદ્ધતિથી આંબાની ખેતીમાં એક એકર જમીન અંદર વધુમાં વધુ ૪૦ થી ૫૦ છોડ ઉગાડી શકાય છે જ્યારે અલ્ટ્રા હાઈડેન્સિટી પદ્ધતિથી એક એકરમાં ૭૦૦ સુધીની સંખ્યામાં આંબાના છોડ રોપી શકાય છે. આમ નાની જમીન ધરાવતા ખેડૂતો માટે આ પદ્ધતિ ખૂબ જ લાભદાયક નીવડી શકે છે. આંતર પાક વાવેતરમાં વિવિધતાસભર પાકને એકબીજા સાથે ઉગાડવામાં આવે છે.

આર્ટિફિશ્યલી રીતે આંબાની ઊંચાઈને ટ્રિમિંગ અને પ્રુનીંગ દ્વારા અંકુશમાં રાખવામાં આવે છે જેથી આંબાના ઝાડના થડનો વિકાસ વધુ થાય છે અને ઝાડની ફ્રુટ બેરિંગ અને લોડ બેરિંગ ક્ષમતાને વિકસાવી શકાય છે. બીજું છે કે આ પ્રકારે તૈયાર કરેલ આંબાની ઊંચાઈ ઓછી હોવાથી ખેતીમાં લેબરનું કામ પણ સરળ થઈ જાય છે. આ રીતે મજૂરીખર્ચમાં ઘટાડો કરી શકાય છે. વળી આંબાની ડાળીઓને નિયમિત ટ્રિમીંગ કરીને ઝાડના ઘેરાવને મર્યાદિત કરી શકાય છે જેથી નિશ્ચિત માત્રામાં કેરીનું ઉત્પાદન કરી શકાય છે. આ પદ્ધતિથી ઉગાડેલા આંબામાં ત્રણ વર્ષ પછી કેરીઓનું ઉત્પાદન ચાલુ થાય છે.

આંબાના વાવતેર સિવાય પણ ખેડૂતભાઈઓ દ્વારા બે આંબાના છોડ વચ્ચે રહેલ બાકી જગ્યાનો સદ ઉપયોગ કરવા અને કેરીનો છોડનું ઉત્પાદન આવે ત્યાં સુધી વૈકલ્પિક આવક મેળવવા આ જમીનમા આંતરપાક તરીકે એક્ઝોટીક વેજીટેબલ ઉગાડ્યા છે. જેમાં બ્રોકલી, ઝુકીની, રેડ,ગ્રીન અને આઈસબર્ગ લેટ્સ, રેડ, ગ્રીન અને યેલો કેપ્સીકમ, રેડ કેબેઝ અને ચેરી ટોમેટોનું વાવેતર કર્યું છે. ઉપરોક્ત શાકભાજીના વેચાણ દ્વારા ખેડુતભાઈઓએ અત્યાર સુધીમાં રૂ ૭૦ હજારની આવક મેળવી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)નુ ૨૦૨૪-૨૦૨૫ બજેટ રજુ કરવામા આવ્યુ હતુ.

## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદ એરપોર્ટમાં એરસ્ટ્રીપ નજીકથી રમકડાંનું ડ્રોન મળ્યુ

**। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।**

અમદાવાદના એરપોર્ટમાં એરસ્ટ્રીપની બાજુમાંથી રમકડાંનું ડ્રોન મળી આવ્યુ છે. એરપોર્ટ વિસ્તારમાં સુરક્ષામાં ચૂક સમાન આ ડ્રોન જોવા મળ્યુ છે. CISF અને પોલીસ દ્વારા આ મામલે તપાસ શરુ કરવામાં આવી છે કે, આ ડ્રોન ક્યાંથી અહીં આવી પહોંચ્યુ છે. ડ્રોનને લઈ સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી ગઈ હતી. અમદાવાદ શહેરમાં એરપોર્ટ વિસ્તારમાંથી રમકડાંનું ડ્રોન મળી આવ્યું છે. એર સ્ટ્રીપ નજીકથી જ ડ્રોન મળી આવવાને લઈ સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી ગઈ હતી. ડ્રોન મળી આવવાને લઈ સુરક્ષામાં ગંભીર બેદરકારી હોવાને લઈ સવાલો થઈ રહ્યો છે. ગંભીર ઘટનાને લઈ હવે સુરક્ષા એજન્સીઓએ તપાસ શરુ કરી છે. CISF અને પોલીસે ડ્રોનના સંદર્ભમાં તપાસ શરુ કરવામાં આવી છે. એરપોર્ટ કેમ્પસમાં ડ્રોન ક્યાંથી અને કેવી રીતે અહીં પહોંચ્યુ એ તમામ વિગતોને લઈ તપાસ શરુ કરવામાં આવી છે.

### અમદાવાદ શહેરમાં ફરી એકવાર રોગચાળાએ માથું ઉચક્યુ

**। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।**

અમદાવાદ શહેરમાં છેલ્લા દિવસોથી બાઈક પર જવું ભારે પડી રહ્યું છે. કારણ છે મોલો મસીનો પ્રમાણ બહુ છે. રસ્તા પર મોટી સંખ્યામાં મોલો મસી જીવાત જોવા મળી રહી છે. જે શહેરીજનો માટે માથાનો દુખાવો બની ગયો છે. ત્યારે તંત્ર દ્વારા પણ ફોગિંગની કાર્યવાહી કરવામાં આવી રહી છે. તો બીજી તરફ શહેરમાં રોગચાળામાં પણ વધારો થયો છે. અમદાવાદ શહેરમાં ફરી એકવાર રોગચાળાએ માથું ઉચક્યું છે. જાન્યુઆરી માસમાં ઝાડા ઉલટીના ૩૧૭ કેસ નોંધાયા હતા. જ્યારે કમળાના ૧૧૧ ટાઈફોઈડના ૨૦૩ કેસ, કોલેરાના ૭ કેસ સામે આવ્યા. જાન્યુઆરી માસમાં લાંભા, વટવા, વસ્ત્રાલમાં કોલેરાના કેસ વધુ નોંધાયા. અત્રે જણાવીએ કે શહેરમાં મચ્છજન્ય કેસ વધારો જોવા મળ્યો છે. સાદા મેલેરિયાના ૧૦ કેસ, ઝેરી મેલેરિયાના ૬ કેસ, ડેન્ગ્યુના ૪૭ કેસ નોંધાયા છે. કોર્પોરેશન દ્વારા ૩૭૧૨ જેટલા સેમ્પલ લેવામાં આવ્યા છે જેમાંથી ૪૧ જેટલા સેમ્પલ અનફિટ સાબિત થયા છે.

બજેટ ૨૦૨૪-૨૫/ઈલેક્ટ્રિક વાહનોના વેરામાં ૧૦૦% રાહત, ટેક્સમાં રિબેટ જાણો અમ્યુકોના બજેટથી અમદાવાદીઓને શું ફાયદો...

# અમદાવાદ મ્યૂનિસિપલ કોર્પોરેશનનું વર્ષ ૨૦૨૪-૨૫નું બજેટ રજૂ

## સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ અંદાજપત્ર રજૂ કર્યુ જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫નું કુલ ૧૨૨૬૨.૮૩ કરોડનું અંદાજપત્ર હોવાનું જણાવ્યુ

**। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૬ ।**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું વર્ષ ૨૦૨૪-૨૫ નું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ અંદાજપત્ર રજૂ કર્યું હતું. વર્ષ ૨૦૨૪-૨૫ નું કુલ ૧૨૨૬૨.૨૮ કરોડનું અંદાજપત્ર રજૂ કરાયું હતું. સ્ટે. કમિટીએ સૂચવેલા ૧૪૬૧.૮૩ કરોડના સુધારા સાથે અંદાજપત્ર રજૂ કરાયું હતું. ઈલેક્ટ્રિક વાહનોના વેરામાં ૧૦૦ ટકા રાહત અપાશે, રજૂ કરાયેલા મ્યુનિસિપલ કોર્પોરેશનનાં બજેટમાં નવા કરવેરાની કોઈ જોગવાઈ કરવામાં નથી. એડવાન્સ પ્રોપર્ટી ટેક્ષ ભરનારને રિબેટ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. તેમજ નવા વિસ્તારોમાં પ્રોપર્ટી ટેક્સમાં રાહત અપાશે. જ્યારે ઈલેક્ટ્રિક વાહનોના વેરામાં ૧૦૦ ટકા રાહત અપાશે. તેમજ કઠવાડામાં ૪૫ કરોડનાં ખર્ચે ગૌશાળા બનાવવામાં આવશે. તેમજ રાજપથ ક્લબથી બોપલને જોડતો અંડરપાસ બનાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

**૧ હજાર કરોડનાં ખર્ચે રિવરફ્રન્ટ ફેઝ-૩ નું કામ કરવામાં આવશે**

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા લોટસ ગાર્ડન બનાવવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. જેમાં ૨૦ કરોડનાં ખર્ચે લોટસ ગાર્ડન બનાવવામાં આવશે. તેમજ ઈન્દિરા બ્રિજથી નર્મદા કેનાલ સુધી રોડનું કામ કરવામાં આવશે. જ્યારે ૧ હજાર કરોડનાં ખર્ચે રિવરફ્રન્ટ ફેઝ-૩ નું કામ કરવામાં આવશે.

**શહેરમાં આઈકોનિક રોડમાં પાર્કિંગ, ગ્રીન બેલ્ટ સહિત વોક-વે બનાવાશે**

તેમજ શહેરમાં આઈકોનિક રોડમાં પાર્કિંગ, ગ્રીન બેલ્ટ સહિત વોક-વે બનાવાશે. તેમજ ઈવી ચાર્જિંગ સ્ટેશન સાથેની સુવિધા રખાશે. તેમજ લો ગાર્ડનની બંને તરફના રોડનું ૭૫ કરોડનાં ખર્ચે ડેવલપમેન્ટ કરાશે. તેમજ શહેરની ચારે તરફ પ્રવેશવાના માર્ગ પર ૧૫ કરોડનાં ખર્ચે એન્ટ્રીગેટ બનાવાશે.

ચાર પેઢીઓમાંથી સરકારી અનાજનો મોટો જથ્થો ઝડપાયો

## ઇડરમાં બનાસકાંઠા જિલ્લાની પૂરવઠા વિભાગની ટીમોએ માર્કેટયાર્ડમાં દરોડા પાડ્યા

**। (એજન્સી) ઇડર, તા.૬ ।**

સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં બનાસકાંઠા જિલ્લાની પૂરવઠા વિભાગની ટીમોએ માર્કેટયાર્ડમાં દરોડા પાડ્યા હતા. ચાર પેઢીઓમાંથી સરકારી અનાજનો મોટો જથ્થો ઝડપાયો હતો. આ મામલે હવે ચાર પેઢીઓના સંચાલકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. સરકારી અનાજને બારોબાર વેચવાને મામલે પોલીસ ફરિયાદ નોંધી તપાસ શરુ કરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લાના દાંતામાં જિલ્લા પુરવઠા વિભાગની ટીમ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરમિયાન જેના તાર સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં ખૂલ્યા હતા. દાંતા અને ઈડરની પેઢીઓ વચ્ચે સરકારી અનાજ લે વેચ કરવામાં આવતું હોવાનું ખુલતા આ મામલે ઈડર માર્કેટયાર્ડમાં આવેલી સહકાર ટ્રેડિંગ, શાહ રતનલાલ પેઢી, ભારત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ અને નેશનલ ટ્રેડર્સ નામની પેઢીઓમાં દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન પેઢીઓમાંથી મોટા પ્રમાણમાં સરકારી અનાજનો જથ્થો વેચાણ કરવા માટે સંગ્રહ કરેલો જણાઈ આવ્યો હતો. જેને લઈ સ્થાનિક ઈડર મામલતદારે આ મામલે હવે પોલીસ ફરિયાદ નોંધાવી છે. સરકારી અનાજને ગરીબો સુધી પહોંચાડવાને બદલે બારોબાર જ વગે કરી દેવાની ઘટનાઓ વારંવાર પ્રકાશમાં આવતી હોય છે. આવી જ રીતે બાતમી મળવાને લઈ બનાસકાંઠા જિલ્લા પુરવઠા અધિકારી કિરીટ ચૌધરી અને તેમની ટીમ દ્વારા દાંતા તાલુકામાં દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન જેના તાર ઈડરમાં ખૂલ્યા હતા. જેને લઈ પાલનપુરની ટીમોએ ઈડરમાં દરોડો પાડ્યો હતો. જેમાં સ્થાનિક અધિકારીઓ પણ દરોડાની તપાસમાં જોડાયા હતા.

વિપક્ષ દ્વારા સરકારને વિવિધ સવાલો પણ કરવામાં આવી રહ્યાં છે

## માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષકોની ૧૩૦૧૩ જગ્યા ખાલી

### રાજ્યની સરકારી શાળાઓમા ગ્રંથપાલની ૧૬ જગ્યાઓ ખાલી છે

**। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।**

વિધાનસભા સત્ર ચાલી રહ્યું છે, જેમાં વિપક્ષ દ્વારા સરકારને વિવિધ સવાલો પણ કરવામાં આવી રહ્યાં છે. જેમાં મહત્વ પૂર્ણ વિગતો ધ્યાને આવી કે, સરકારી અને બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષકોની ૧૩૦૧૩ જગ્યા ખાલી છે. વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાના પ્રશ્ન પર સરકારે જવાબ આપ્યો હતો કે, સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ૨૩૪૪ શિક્ષકોની જગ્યાઓ ખાલી છેબિન સરકારી અનુદાનીત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ૧૦,૬૬૯ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ૬૭૧ જ્ઞાન સહાયકોની ભરતી કરી છે. જ્યારે બિન સરકારી અનુદાનીત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં પ્રથમ તબક્કાની ૩૪૬૯ જ્ઞાન સહાયકોની ભરતી કરાઈ છે.

મનપાના રોડના કામમાં ભ્રષ્ટાચારનો ખુલાસો

## ભાવનગરમાં કંપનીએ મોકલેલા સાતેય ટ્રકમાં ૧૪ ટન ડામર ઓછું હોવાનું ખૂલ્યુ

### રોડની કામગીરી માટે જે કંપનીને મટિરિયલ માટેનો કોન્ટ્રાક્ટ અપાયો છે તે કંપનીના ડામર લઈને આવતા ૭ ટ્રકમાં ૧૪ ટન ડામર ઓછો હોવાનો ખૂલાસો થયો છે

**। (એજન્સી) ભાવનગર, તા.૬ ।**

ભાવનગરના આનંદનગરમાં રોડ પર રોડ બનાવવાની કામગીરીના કૌભાંડનો ખૂલાસો થયાને હજુ બે દિવસ માંડ થયા છે ત્યા ભાવનગર મહાનગર પાલિકાના રોડ વિભાગની વધુ એક લોલંલોલ સામે આવી છે. આ દરમિયાન શહેરના ઉત્તર નગર રૂવા વોર્ડમાં પ્રભુદાસ તળાવ પાસે બનાવવામાં આવતા રોડની કામગીરીમાં ભ્રષ્ટાચાર થયો હોવાનું તપાસમાં ખૂલ્યુ છે. રોડની કામગીરી માટે જે કંપનીને મટિરિયલ માટેનો કોન્ટ્રાક્ટ અપાયો છે તે કંપનીના ડામર લઈને આવતા ૭ ટ્રકમાં ૧૪ ટન ડામર ઓછો હોવાનો ખૂલાસો થયો છે. મધુરમ કંપનીમાંથી મોકલવામાં આવેલા સાતેય ટ્રક પૈકી દરેક ટ્રકમાં ૨ હજાર કિલો ડામર ઓછો હોવાનુ સામે આવ્યુ છે. પરંતુ વિચારવાની વાત એ

ગેસ લીકેજ થતા કર્મચારીઓમાં ભયનો માહોલ સર્જાયો

## ખંભાતના રોહન ડાઈઝ કંપનીમાંથી ઝેરી ગેસ લીકેજ થયો

**। (એજન્સી) ખંભાત, તા.૬ ।**

આણંદ જિલ્લાના ખંભાતમાં રોહન ડાઈઝ કંપનીમાંથી ઝેરી ગેસ લીકેજની ઘટના બની છે. ગેસ લીકેજ થતા કર્મચારીઓમાં ભયનો માહોલ જોવા મળે છે. તેમજ વેસલમાં ભરેલા કલોરો ગેસ બોટલમાંથી ગેસ લીકેજ થયો હોવાની ઘટના બની છે. ઝેરી ગેસથી શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હોવાની કર્મચારીઓએ ફરિયાદ કરી છે.

રાજ્યમાં ઘણી વાર ગેસ લીકેજની ઘટના બનતી હોય છે. ત્યારે આણંદ જિલ્લાના ખંભાતમાં રોહન ડાઈઝ કંપનીમાંથી ઝેરી ગેસ લીકેજની ઘટના બની છે. ગેસ લીકેજ થતા કર્મચારીઓમાં ભયનો માહોલ જોવા મળે છે. તેમજ વેસલમાં ભરેલા કલોરો ગેસ બોટલમાંથી ગેસ લીકેજ થયો હોવાની ઘટના બની છે. ઝેરી ગેસથી શ્વાસ લેવામાં તકલીફ થઈ

રહી હોવાની કર્મચારીઓએ ફરિયાદ કરી છે. મામલતદાર, GPCBના અધિકારી સહિતની ટીમે કંપનીમાં તપાસ કરી છે.વારંવાર ગેસ લીકેજની ઘટના બાદ પણ તંત્ર દ્વારા પગલા લેવામાં ન આવતા હોવાની ફરિયાદ કરવામાં આવી છે. ગેસ લીકેજ થવાથી આજુબાજુના વિસ્તારમાં આવેલી શાળામાં વિદ્યાર્થીઓને વહેલા છોડવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે.

નવી આશા, નવી સફર, IVFની મદદથી આશાને હકિકતમાં ફેરવો..
MERRYLAND
Women' s Hospital & IVF (ટેસ્ટ ટ્યુબ બેબી) સેન્ટર
રાહત દરે IVF પેકેજ/ઓપરેશન 0% વ્યાજદરે EMI સુવિધા ઉપલબ્ધ
કેમ્પ
સૌથી ઓછા પ્રયત્ને ઝડપી ગર્ભધારણ માટે
- કારણ વગરના ઓવમપિક-અપ અને એમ્બ્રીયો ટ્રાન્સફરને રોકવા
- ઓછામાં ઓછા પ્રયત્ને ગર્ભધારણ મેળવવા
- ગર્ભપાતની શક્યતા ઓછી કરવા
- સૌથી સચોટ પધ્ધતિનો ઉપયોગ
નિશુલ્ક વ્યંધત્વ નિદાન કેમ્પ તા. ૧૫-૦૨-૨૦૨૪ સુધી સમય સવારે ૧૧ થી સાંજે ૬ સુધી
જટિલ સમસ્યાઓનાં નિવારણ માટે
- IUI કે IVF માં એકથી વધુ વાર નિષ્ફળતા
- 0% કે નહીવત શુક્રાણું
- લાંબુ કે જટિલ વ્યંધત્વ
- ગમે તેવી મોટી ઉંમર કે નીંચુ AMH
- PCOD સ્ત્રી બીજ ન બનવા કે છૂટા ન પાડવા
- બંને નળીઓ બંધ હોવી
- ગર્ભાશયમાં ગાંઠ હોવી
- એન્ડોમેટ્રીઓસીસ
- એડેનોમાયોસીસ
ઉપલબ્ધ સેવાઓ
- હાઈરિસ્ક પ્રેગ્નન્સી યુનિટ
- IUI, IVF સરોગેસી
- હિસ્ટ્રોસ્કોપી-લેપ્રોસ્કોપી
- હાઈરિસ્ક પ્રેગનેન્સી
- મેલ/ફિમેલ ઈનફર્ટીલીટી
કેમ્પ
દરેક ઈન્સ્યોરન્સ માટે કેશલેશ સુવિધાઓ ઉપલબ્ધ
ડો. હિતેશ પટેલ (ઈનફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ)
રજીસ્ટ્રેશન ફ્રિ પણ ફરજીયાત, તો કોલ કરો..
+ 91 9081 66 33 55 / 66
સરનામુ :- ત્રીજો માળ, ડ્રીમસ્કવેર, નિર્ણયનગર અંડરબ્રીજની બાજુમાં, અખબારનગર, અમદાવાદ, ગુજરાત,
www.merrylandhospital.com

97258 56958
VS Hair Salon
Ramesh, Vishnu
2, Kadamb Complex,
Judges Bunglow Road,
Nr. Rajvansh Tower, Bodakdev,
Ahmedabad - 380 054

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨